

P.07

રાજકુમાર રાવ
અને વામિકા
ગબ્બીની
જોડી ફરી રીપિટ

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

તૃપ્તિ ડિમરી વિદેશ
શૂટિંગમાં
પણ બોયફ્રેન્ડને
સાથે લઈ ગઈ



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 28 • Dt.30-08-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



ઈઝરાયલી સૈન્ય અને હમાસ વચ્ચે સીધી અથડામણ । ગાઝામાં ૭૧ પેલેસ્ટિનિયનના મોત 07




30
AUGUST- 2025
SATURDAY




07 રશિયાનું સસ્તું ક્રૂડ ખરીદવામાં ભારતને ૨૫ અબજ નહીં માત્ર ૨.૫ અબજ ડોલરનો લાભ


ગુજરાતના ચકચારી બીટકોઈન કૌભાંડ કેસનો ચુકાદો


## રાજ્યમાં રાજકીય ભૂકંપ સર્જનાર બિટકોઈન કૌભાંડમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને દોષિત જાહેર કરવામાં આવ્યા

# ધારીના પૂર્વ ધારાસભ્ય સહિત ૧૪ને આજીવન કેદ સજા

### શૈલેષ ભટ્ટ સુરતમાં બાંધકામ સાથે બિટકોઇનનો વ્યાપાર કરતા શૈલેષ ભટ્ટને ગાંધીનગરથી સીબીઆઇનો ફોન આવ્યો અને આ કેસમાં ફરિયાદ ન નોંધવવાની ધમકી આપવામાં આવી હતી

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૯ ।

કરોડોના બિટકોઈન કૌભાંડના વમળમાં ધારીના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા ફસાયા છે. રાજ્યમાં રાજકીય ભૂકંપ સર્જનાર બિટકોઈન કૌભાંડમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. અમદાવાદ સેશન્સ કોર્ટે તત્કાલિન અમરેલીના પોલીસ અધિક્ષક જગદીશ પટેલ અને પોલીસ ઈન્સ્પેક્ટર અનંત પટેલ સહિત ૧૪ લોકોને દોષિત ઠેરવ્યા અને આજીવન કેદની સજા સંભળાવી છે. આ કેસનું મૂળ સુરતના શૈલેષ ભટ્ટ સાથે જોડાયેલું છે. શૈલેષ ભટ્ટ સુરતમાં બાંધકામ સાથે બિટકોઈનનો વ્યાપાર કરતા શૈલેષ ભટ્ટને ગાંધીનગરથી સીબીઆઈનો ફોન આવ્યો અને આ કેસમાં ફરિયાદ ન નોંધવવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ આ બિલ્ડરને એક હોટલમાં બોલાવીને ૫ કરોડનો તોડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફેબ્રુઆરી માસમાં શૈલેષ ભટ્ટનું અપ હરણ પણ કરવામાં આવ્યું હતું. આ અંગે ફરિયાદ થઈ તેમાં જણાવાયું કે, અપહરણકારો શૈલેષ ભટ્ટને ફાર્મ હાઉસ લઈ ગયા અને તેને માર મારવામાં આવ્યો હતો. આ આરોપ અમરેલી એલસીબીના પીઆઈ અનંત પટેલ પર લાગ્યો હતો. તેણે પણ ધમકી આપીને રૂપિયા ૧૨ કરોડના બિટકોઈન તેના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. અનંત પટેલે વધારાના ૫૦ કરોડની પણ માંગણી કરી હતી. ત્યારબાદ શૈલેષ ભટ્ટે આ અંગે ગૃ હખાતામાં ફરિયાદ કરી હતી.



આ સમગ્ર કૌભાંડમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાની સંડોવણી સામે આવી હતી. સમગ્ર ઘટનામાં નલિન કોટડિયાની ભૂમિકા ''ફિક્સર'' તરીકેની હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કેસમાં તેમનું નામ બહાર આવ્યા બાદ તેઓ લાંબા સમય સુધી પોલીસની પકડમાંથી ફરાર રહ્યા હતા. લાંબો સમય ફરાર રહ્યા બાદ,સીઆઈડી ક્રાઈમે તેમના વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ અને જાહેરનામું બહાર પાડ્યું હતું. આખરે, તેમને મહારાષ્ટ્રના ધુલિયા પાસેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ, કોર્ટમાં તેમના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લાનું પવિત્ર યાત્રાધામ અંબાજી ૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરશે

# ભાદરવી પૂનમના પાવન પ્રસંગે પ્રથમ વખત ૩ અને ૪ સપ્ટેમ્બરની રાત્રે ૪૦૦ ડ્રોન દ્વારા ભવ્ય લાઇટ શો યોજાશે

। પ્રતિનિધિ, અંબાજી, તા.૨૯ ।

બનાસકાંઠા જિલ્લાનું પવિત્ર યાત્રાધામ અંબાજી ૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરશે. આ મેળો શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર છે, જ્યાં લાખો માઈભક્તો પગપાળા યાત્રા કરીને મા અંબાના દર્શન માટે ઉમટે છે.

શ્રદ્ધાળુઓને કોઈપણ મુશ્કેલી ન થાય તે માટે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના નેતૃત્વમાં ૨૯ જિલ્લા કક્ષાની સમિતિઓ રચવામાં આવી છે.

આ સમિતિઓ યાત્રાળુઓ માટે રહેવા, જમવા, પરિવહન અને અન્ય સુવિધાઓનું સંચાલન કરશે, જેથી તેમની યાત્રા સરળ અને આનંદદાયક બને.આ વર્ષનો અંબાજી મહામેળો એક અનોખા આકર્ષણ સાથે યાદગાર બનશે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ, પ્રથમ વખત ૩ અને ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ની રાત્રે ૮:૩૦ કલાકે ૪૦૦ ડ્રોન દ્વારા ભવ્ય ડ્રોન લાઈટ શો યોજાશે, બશરતે વરસાદનું વિઘ્ન ન આવે.

આ શોમાં રંગબેરંગી લાઈટોથી સજ્જ ડ્રોન આકાશમાં ઉડશે અને અંબાજી માતાના મંદિરની છબિ, 'જય માતાજી'નું લખાણ, ત્રિશૂળ, શક્તિનું પ્રતીક ચિહ્ન સહિતની આકૃતિઓ રચશે. આ ભવ્ય દૃશ્ય શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરશે અને અંબાજીની સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને આધુનિક ટેકનોલોજીનો અનોખો સમન્વય પ્રદર્શિત કરશે.

અંબાજી મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.







## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ:

# મોજ-આજી ડેમ સહિત ૧૦ ડેમ છલકાયા | જળાશયોમાં પાણીનો ભરપૂર સંગ્રહ

### દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જળસંચયની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૯ |

સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદને કારણે જળાશયો અને ડેમો છલકાવા લાગ્યા છે. દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જળસંચયની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. નાયબ કાર્યપાલ ઈજનેર જયદિપ લાવડિયાએ જણાવ્યું કે, આ પાંચેય જિલ્લાના ડેમોનું ફ્લડ કંટ્રોલ રાજકોટથી સંચાલિત થાય છે. ભારે વરસાદના પગલે અનેક ડેમ ઓવરફ્લો થઈ ગયા છે, જેનાથી પાણીની ઉપલબ્ધતા વધી છે, પરંતુ તંત્રને પૂરની સંભાવના સામે સતર્ક રહેવું પડી રહ્યું છે.દ્વારકા જિલ્લામાં કુલ ૧૨ ડેમમાંથી ૮ ડેમ છલકાઈ ગયા છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં પાણીનો વહેવાટ વધ્યો છે. જામનગર જિલ્લામાં ૨૦ ડેમમાંથી ૭ ડેમ ઓવરફ્લો થયા છે, જેની અસર સ્થાનિક વિસ્તારોમાં જોવા મળી રહી છે. મોરબી જિલ્લામાં ૧૦ ડેમમાંથી ૧ ડેમ સંપૂર્ણ રીતે છલકાયો છે, જ્યારે ૩ ડેમ ૭૦ ટકાથી વધુ ક્ષમતાએ ભરાયા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧ ડેમમાંથી ૨ ડેમ ઓવરફ્લો થયા છે અને ૬ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાયેલા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૨૭ ડેમમાંથી ૧૦ ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે ૭ ડેમ ૮૦ ટકાથી વધુ ભરાયેલા છે.રાજકોટ જિલ્લાના કલેક્ટરે



જણાવ્યું કે, જિલ્લાના અનેક મહત્વના જળાશયો ૧૦૦ ટકા ક્ષમતાએ ભરાઈ ગયા છે. આમાં મોજ ડેમ, આજી-૩ ડેમ, સોડવદર ડેમ, ન્યારી-૨ ડેમ, લાલપરી તળાવ અને માલગઢ ડેમનો સમાવેશ થાય છે. આ ડેમોમાં વરસાદી પાણીનો પૂરેપૂરો સંગ્રહ થતાં ખેડૂતો અને શહેરવાસીઓ માટે પાણીની કટોકટી દૂર થવાની આશા વધી છે. આ સ્થિતિ ખેતી અને પીવાના પાણીની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે.જયદિપ લાવડિયાએ સ્પષ્ટ કર્યું કે જો આગામી દિવસોમાં વધુ વરસાદ પડશે તો ઓવરફ્લો થયેલા ડેમોના ગેટ ઓપરેશનની તૈયારી રાખવામાં આવી છે. પાણી છોડવાની પ્રક્રિયા તંત્રની જાણકારી અને પરિસ્થિતિ અનુસાર કરવામાં આવશે. નિચાણવાળા વિસ્તારોમાં પૂરની સંભાવનાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા પૂર્વ એલર્ટ આપવામાં આવશે, જેથી કોઈ મુશ્કેલી સર્જાય નહીં. લોકોને નદી-નાળા પાસે ભેગા ન થવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## કામરેજમાં પત્ની પ્રેમીને મળવા ધાબા પર ગઈ પાછળ પાછળ પતિ પણ ગયો, ખેલાયો ખૂની ખેલ

| પ્રતિનિધિ, સુરત,તા.૨૯ |

કામરેજ તાલુકાના જોખાગામમાં એક ચકચારી હત્યાનો બનાવ સામે આવ્યો છે. પ્રેમસંબંધના કારણે થયેલા આ હત્યાકાંડમાં એક પતિએ પત્નીને તેના પ્રેમી સાથે જોઈ લીધા બાદ બબાલ થઈ હતી. આ બબાલમાં માથામાં ગંભીર ઈજા થવાને કારણે જીવ ગુમાવ્યો છે. કામરેજ પોલીસે આ મામલે હત્યારા પ્રેમીની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી લીધી છે.સુરત જિલ્લાના કામરેજ તાલુકાના જોખાગામના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા અરવિંદભાઈ ઠાકોરભાઈ રાઠોડની પત્ની જમનબેન અને ગામના જ અતિક હરસિંગભાઈ વસાવા વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ હતો. રાત્રે અતિક વસાવા જમનબેનને મળવા માટે જેલાભાઈ ભીખાભાઈ રાઠોડના ધાબા પર ગયો હતો.

## દિયોદરમાં સામૂહિક આપઘાતબે બાળકો સહિત ૪ લોકો કેનાલમાં કૂધા

| પ્રતિનિધિ, દિયોદર, તા.૨૯ |

બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં એક અત્યંત કરુણ અને ચકચારી ઘટના સામે આવી છે. ગોદા ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં એક જ પરિવારના ચાર સભ્યોએ સામૂહિક આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાથમિક માહિતી અનુસાર, મૃતકોમાં એક પુરુષ, એક મહિલા અને બે બાળકોનો સમાવેશ થાય છે. આ પરિવારે કયા કારણોસર આટલું મોટું પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયાઓની મદદ શોધખોળ કરવામાં આવી રહી છે. આ સામૂહિક આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે અને લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

## વડોદરામાં ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ કરનાર સિનિયર સિટિઝને ૧૫.૭૫ લાખ ગુમાવ્યા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ |

વડોદરાના ૮૨ વર્ષના સિનિયર સિટિઝને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટમાં આકર્ષક વળતરની આશાએ ૧૫.૭૫ લાખ ગુમાવ્યા હતા. જે અંગે તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. દિવાળીપુરા હાથીભાઈનગરમાં રહેતા ૮૨ વર્ષના દીપકર સુશાંતકુમાર હળદરે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૯મી જુલાઈએ હું મારા ઘરે હતો. તે દરમિયાન યુ ટયુબ પર ઈન્વેસ્ટમેન્ટ અંગેની એક પોસ્ટ જોઇ હતી. તેમાં લખ્યું હતું કે, ૨૨ હજારનું રોકાણ કરવાથી મહિનામાં સાત લાખ નફો થશે. તે પોસ્ટમાં આપેલી લિંક મેં ખોલી તેમાં મારા બેંક એકાઉન્ટની વિગતો ભરી રજિસ્ટ્રેશન કર્યુ હતું. ત્યારબાદ મને ૨૨ હજાર ભરવાનું કહેતા મેં તેમણે જણાવેલા એકાઉન્ટમાં ૨૨ હજાર ભર્યા હતા. ત્યારબાદ ૧૦મી એપ્રિલે વિદેશના નંબર પરથી અનાયા શર્માના નામે એક મેસેજ આવ્યો હતો. જેમાં એવું લખ્યું હતું કે, હું ટ્રેડિયોન ડોટ નેટમાં સિનિયર મેનેજર છું. તેઓ અવાર-નવાર ઝુમ મિટિંગ કરીને ઈન્વેસ્ટમેન્ટની માહિતી આપતા હતા. તેઓ જે બેંક એકાઉન્ટની ડિટેલ આપતા તેમાં હું રૂપિયા ટ્રાન્સફર કરતો હતો. તેઓએ ગોલ્ડ, કોમોડિટી અને ફોરેક્સમાં ઈન્વેસ્ટ કરવા માટે રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.ત્યારબાદ ટ્રેડિયન ડોટ કોમના ક્લેઈમ ડિપાર્ટમેન્ટમાંથી કોલ આવ્યો હતો.

## જામનગર શહેર અને જિલ્લામાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યો છે

# જામનગર શહેરના અલગ-અલગ વિસ્તારોમાં એસ.ઓ.જીની ટીમએ ડોગ સ્કવોર્ડને સાથે રાખીને ચેકિંગની કાર્યવાહી કરી

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૬ |

જામનગર શહેર અને જિલ્લામાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યો છે, અને શહેરના અનેક સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય છે, ત્યારે જામનગરના નવનિયુક્ત એસ.પી. ડો. રવિ મોહન સૈનિ કે જેઓ સુરક્ષાને લઈને સતત એક્શન મોડમાં રહે છે, જેઓની રાહબરી હેઠળ એસ.ઓ.જી.ની ટીમ દ્વારા શહેરના ગણપતિ પાંડાલ, એસટી સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ, સહિતના જાહેર સ્થળો ઉપર પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.એસ.ઓ.જી.ના પી.આઈ. બી.એન. ચૌધરીની સૂચનાથી પીએસઆઇ એસ.પી.ગોહિલ એન તથા એ.વી.ખેર ઉપરાંત એસ.ઓ.જી.ની સમગ્ર ટુકડી ડોગ હેંગલર



સોયબભાઈ શમાની ટીમને સાથે રાખીને શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઘૂમી હતી. ખાસ કરીને ગણપતિના મોટા પાંડાલ સહિતના વિસ્તારો, તેમજ સાત રસ્તા રીક્ષા સ્ટેન્ડ, એસટી સ્ટેન્ડ, સહિતના જાહેર વિસ્તારો, ઉપરાંત કેટલાક લારી ગલ્લા સહિતના સ્થળો પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અગાઉ એન.ડી.પી.એસ.ના ગુનામાં પકડાયેલા હોય, તેવા આરોપીઓ પૈકી જામનગરના ધરાનગર વિસ્તારમાં રહેતા ગુલામ બીલાલ દલ, તથા હુસેન હસન અમલા વગેરેના રહેણાક મકાનની ઝડતી કરવામાં આવી હતી, અને ડોગ સ્કવોર્ડની મદદ લઈ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

જો કે સમગ્ર કાર્યવાહી દરમિયાન કશું વાંધાજનક મળ્યું ન હતું.જામનગર શહેર અને જિલ્લામાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યો છે, અને શહેરના અનેક સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય છે, ત્યારે જામનગરના નવનિયુક્ત એસ.પી. ડો. રવિ મોહન સૈનિ કે જેઓ સુરક્ષાને લઈને સતત એક્શન મોડમાં રહે છે, જેઓની રાહબરી હેઠળ એસ.ઓ.જી.ની ટીમ દ્વારા શહેરના ગણપતિ પાંડાલ, એસટી સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ, સહિતના જાહેર સ્થળો ઉપર પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત કેટલાક લારી ગલ્લા સહિતના સ્થળો પર ચેકિંગ કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં અજબડી મિલ પાસે મકાનની અગાશી પર જુગાર રમતી ૭ મહિલા ઝડપાઇ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ |

વડોદરામાં અજબડી મિલ પાસે એક મકાનની અગાશી પર જુગાર રમતી ૭ મહિલાઓને સિટિ પોલીસે ઝડપી પાડી ૪૫ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે.સિટી પોલીસને માહિતી મળી હતી કે, અજબડી મિલ ઠેકરનાથ સ્મશાન પાસે હરિકૃપા સોસાયટીના એક મકાનની અગાશી પર કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જેથી,પોલીસે શી ટીમ સાથે ઉપરોક્ત સ્થળે જઈને રેડ કરતા સાત મહિલાઓ જુગાર રમતા ઝડપાઇ ગઇ હતી.

પોલીસે (૧) ભાવિતાબેન સંજયભાઇ ગંગવાણી (રહે. હરિકૃપા સોસાયટી) (૨) ભાવનાબેન મહેશભાઇ પંજાબી (રહે. લકુલેશ નગર, આજવા રોડ) (૩) સીમાબેન રાજુભાઇ ખત્રી (રહે.કુબેર નગર, રબારી વાસ, અમદાવાદ) (૪) વિનાબેન લક્ષ્મણદાસ દાદલાણી (રહે. માધવ નગર, આજવા રોડ) (૫) મનિષાબેન અનિલભાઇ નાનકાણી (રહે. હરિકૃપા સોસાયટી) (૬) ભાવનાબેન મુરલીભાઇ હરિયાણી (રહે. લકુલેશ નગર, આજવા રોડ) તથા (૭) જ્યોતિબેન પરસોત્તમભાઇ ભોજવાણી (રહે. નવજીવન હાઉસિંગ બોર્ડ, આજવા રોડ) ની સામે ગુનો દાખલ કર્યો.

## જામનગરમાંથી ગાંજાનું વેચાણ કરનાર શખ્સ એસઓજીની ટીમના હાથે ઝડપાયો

| પ્રતિનિધિ, જામનગર, તા.૨૯ |

જામનગર નજીક સિક્કામાંથી નશીલા પદાર્થ ગાંજાનું વેચાણ કરનાર શખ્સ એસઓજીની ટીમના હાથે ઝડપાયો : સપ્લાયરનું નામ ખૂલ્યુંજામનગર શહેર અને જિલ્લામાં નશાકારક ચોકલેટના વેચાણ અંગે એસ.ઓ.જી ની ટીમે ત્રણ સ્થળે દરોડા પાડ્યા બાદ નશીલા પદાર્થ ગાંજાના વેચાણનું નેટવર્ક પકડી પાડવા માટે કમર કસી હતી, અને ગઈકાલે જામનગર તાલુકાના સિક્કા ગામમાંથી એક શખ્સને ઝડપી લીધો છે, અને તેની પાસેથી નશીલા પદાર્થ ગાંજાનો જથ્થો કબજે કરી લીધો છે. જ્યારે તેની પુછપરછ દરમિયાન મહારાષ્ટ્રના સપ્લાયરનું નામ ખુલ્યું છેજામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડી નશાના નેટવર્કને નેસ્ત નાબુદ કરવા માટેની વિશેષ ઝુંબેશ ચલાવી રહી છે, જેના ભાગરૂપે ગઈકાલે જામનગર તાલુકાના સિક્કા ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો, અને ચોક્કસ બાતમીના આધારે નસીલા પદાર્થ ગાંજાના વેચાણનું નેટવર્ક શોધી કાઢ્યું હતું.સિક્કામાં શ્રીજી સોસાયટી વિસ્તારમાં રહેતો સાજીદ જુસબભાઈ સુંભણીયા નામનો શખ્સ કે જે બહારથી નશીલા પદાર્થ ગાંજાનો જથ્થો આયાત કરીને તેનું ખાનગી રીતે વેચાણ કરી રહ્યો છે, જે બાતમીના આધારે મોડી રાત્રે એસ.ઓ.જી. ની ટુકડીએ દરોડો પાડ્યો હતો.



### કેજરીવાલે ૭ સપ્ટેમ્બરે ચોટીલામાં એક મોટી સભાનું આયોજન કર્યું

# પાલિકા-પંચાયતની ચૂંટણી પહેલા આપ ગુજરાત રાજ્યમાં સક્રીય; કેજરીવાલ કપાસના મુદ્દાને બ્રહ્માસ્ત્ર બનાવશે!

**કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો પ્રહાર કરતા કહ્યું છે કે, અમેરિકાથી આવતા કપાસ પર આયાત વેરો માફ કરીને સરકારે દેશના ખેડૂતો સાથે વિશ્વાસઘાત કર્યો**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ |

કેજરીવાલે ૭ સપ્ટેમ્બરે ચોટીલામાં એક મોટી સભાનું આયોજન કર્યું છે. આ સભામાં સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કપાસ પકવતા ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહે તેવી શક્યતા છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નો ફરીથી ચર્ચામાં છે અને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે.

છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં 'આપ'એ કોંગ્રેસના મતોને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. પરંતુ, આ વખતે પરિસ્થિતિ અલગ છે. કપાસના ખેડૂતો મુખ્યત્વે ભાજપના પરંપરાગત મતદારો ગણાય છે, અને આ મુદ્દાને ઉઠાવીને 'આપ' ભાજપના જ મતો તોડવાની વ્યૂહરચના અપનાવી રહી છે. જો આ વ્યૂહરચના સફળ થાય, તો આગામી ચૂંટણીઓમાં ભાજપને મોટો ફટકો પડી શકે છે.

કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો પ્રહાર કરતા કહ્યું છે કે, અમેરિકાથી આવતા કપાસ પર આયાત વેરો માફ કરીને સરકારે દેશના ખેડૂતો સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેમણે ઉમેર્યું કે, અમેરિકાના માલ પરની ડ્યુટી વધારીને ૧૦૦ ટકા કરી દેવી જોઈએ.




આનાથી અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પાઠ ભણાવી શકાશે, જેમણે ભારતીય વસ્તુઓ પર ટેરિફ વધાર્યા હતા.

મોદી સરકારે પહેલા કપાસ પરની આયાત ડ્યુટી ૩૦ સપ્ટેમ્બર સુધી માફ કરી હતી, અને હવે આ મુદત વધારીને ૩૧ ડિસેમ્બર સુધી કરી દેવામાં આવી છે. આ નિર્ણયને કારણે અમેરિકન કપાસ ભારતીય કપાસ કરતાં ૧૫-૨૦ ટકા સસ્તો થઈ ગયો છે. ઓક્ટોબર મહિનામાં જ્યારે ગુજરાતના ખેડૂતોનો કપાસ બજારમાં આવવાનું શરૂ થશે, તે પહેલાં જ ઉદ્યોગોએ સસ્તો અમેરિકન કપાસ ખરીદી લીધો હશે.આનાથી સીધું નુકસાન ગુજરાતના અને ભારતના કપાસ પકવતા ખેડૂતોને થશે. તેમને પોતાના પાકનો યોગ્ય ભાવ મળશે નહીં, કારણ કે બજારમાં પહેલેથી જ સસ્તો વિદેશી કપાસ ઉપલબ્ધ હશે. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને 'આપ' ખેડૂતોના હિતેચ્છુ તરીકે પોતાને સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, જે આગામી ચૂંટણીઓમાં એક ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. કેજરીવાલે ૭ સપ્ટેમ્બરે ચોટીલામાં એક મોટી સભાનું આયોજન કર્યું છે. આ સભામાં સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કપાસ પકવતા ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહે તેવી શક્યતા છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નો ફરીથી ચર્ચામાં છે અને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે.

છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં 'આપ'એ કોંગ્રેસના મતોને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. પરંતુ, આ વખતે પરિસ્થિતિ અલગ છે. કપાસના ખેડૂતો મુખ્યત્વે ભાજપના પરંપરાગત મતદારો ગણાય છે, અને આ મુદ્દાને ઉઠાવીને 'આપ' ભાજપના જ મતો તોડવાની વ્યૂહરચના અપનાવી રહી છે.

### અમદાવાદના વિવિધ ૪૦ સ્થળોએ

# ગણેશોત્સવના આરંભ સાથે અમદાવાદમાં આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશમૂર્તિ વિસર્જન કુંડ તૈયાર

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ |

ગણેશોત્સવના આરંભની સાથે અમદાવાદના વિવિધ ૪૦ સ્થળોએ રૂપિયા આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશ મૂર્તિ વિસર્જન કુંડ તૈયાર કરાયા છે. ગણેશ મૂર્તિ વિસર્જન માટે બનાવાયેલા દરેક કુંડ અને પંડાલની કોર્પોરેશન દ્વારા બે વખત સફાઈ કરાશે. દરેક કુંડ,પંડાલની બે વખત સફાઈ કરાશે.કયા કુંડ કે પંડાલમાં કઈ સાઈઝની કેટલી મૂર્તિ વિસર્જન માટે આવી તેની પણ રજિસ્ટરમાં નોંધ કરાશે. મૂર્તિઓના વિસર્જનના કારણે કુંડની આસપાસ જમા થતા કચરાને અલગ અલગ એકઠો કરવા પુરતા પ્રમાણમાં સ્ટીકર લગાવેલા ડસ્ટબીન અને બેરલ મુકાશે. ફાયર વિભાગ તરફથી પાંચ ટીમ અલગ અલગ કુંડ-પંડાલ ખાતે ફરજ બજાવશે. ગણેશ ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી શહેરના અલગ અલગ વિસ્તારમાં શ્રીજીના ભકતો દ્વારા શ્રીજીની મૂર્તિની સ્થાપના કરી તેનુ ભકિતભાવપૂર્વક વિસર્જન કરવામાં આવે છે.ભાવિકો એક દિવસ, ત્રણ દિવસ,પાંચ દિવસથી લઈ દસ દિવસ સુધી પણ ભગવાન ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરી પૂજન અર્ચન કર્યા પછી વિસર્જન કરતા હોય છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૪૦ સ્થળોએ ૪૯ જેટલા ગણેશ મૂર્તિ વિસર્જન માટેના કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ,એક કુંડ પાછળ અંદાજે રૂપિયા ૧૫ લાખનો ખર્ચ કરાયો છે.

## ફિનલેન્ડના વિઝાના બહાને વકીલ સહિત ચાર વ્યક્તિઓ સાથે રૂ.૪.૧૮ લાખની

| પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૯ |

ફિનલેન્ડના વિઝા અપાવવાના બહાને વકીલ સહિત ચાર વ્યક્તિઓ પાસેથી ટુકડે ટુકડે ૪.૧૮ લાખ ઉપરાંતની ઠગાઈ મામલે ફરિયાદના આધારે પાલેજ પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાલેજ રહેતા સલીમખાન પઠાણ વકીલાત વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, પાલેજ ગામના મારા સાઢુભાઈ ઈમરાનખાન પઠાણ, પરિચિત આદિલ ભૈયા અને લુકમાન નાથાને વિદેશ ફિનલેન્ડ જવાનું હોય મારા મિત્ર યાકુબ અલીભાઈ જમીદાર (રહે-સાંસરોદ ગામ, કરજણ) નો સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ મુંબઈના પાયોનીર એન્ટરપ્રાઈઝના સંચાલક અરમાન કુરેશી સાથે આ અંગે વાતચીત થઈ હતી. ત્યારબાદ વિદેશ જવા માંગતા ત્રણ વ્યક્તિને મુંબઈ બોલાવી મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો. અને યાકુબ મારફતે ફિનલેન્ડ દેશની વર્ક પરમિટ મોકલી હતી. એપોઈન્ટમેન્ટ લેટરની તારીખ દર વખતે બદલાતા મને શંકા ગઈ હતી. જેથી મુંબઈ ફીનલેન્ડ એમ્બેસીમાં તપાસ કરતા અમારી સાથે ચીટીંગ થયાનું બહાર આવ્યું હતું.

## જાફરાબાદના દરિયામાંથી વધુ એક માછીમારનો મૃતદેહ મળી આવ્યો, હજુ ૮ લાપતા

| પ્રતિનિધિ, અમરેલી, તા.૨૯ |

જાફરાબાદના અરબી સમુદ્રમાં ત્રણ બોટ એ જળ સમાધિ લીધી હતી. બોટમાં સવાર ૧૧ માછીમારો ગુમ થયા હતા. જેમાંથી બે માછીમારો મૃતદેહો મળી આવ્યા હતા. ત્યારબાદ વધુ એક માછીમારનો મૃતદેહ મળી આવ્યો છે. એમ અત્યાર સુધી ૩ માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે.

મળતી માહિતી મુજબ, જયશ્રી તાત્કાલિક બોટના માછીમાર હરેશ બારૈયા (રહે. વાસી-બોરસી, જલાલપુર, નવસારી)નો મૃતદેહ દરિયા કિનારેથી મળી આવ્યો છે.આ દુર્ઘટના બાદ શરૂ થયેલી શોધખોળ દરમિયાન આજે હરેશ બારૈયાનો મૃતદેહ મળી આવતા તેમના પરિવારમાં શોક છવાઈ ગયો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અને ઓળખની કાર્યવાહી માટે જલાલપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.આ ઘટનામાં હજુ પણ ૮ માછીમારો લાપતા છે, જેમની શોધખોળ કોસ્ટગાર્ડની ટીમ અને સ્થાનિક માછીમારો દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી છે. કોસ્ટગાર્ડની ટીમ સાથે હવે માછીમારોની ૧૦ બોટ પણ આ શોધખોળમાં જોડાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે મૃતદેહો શોધવામાં તકલીફ પડી રહી છે. થોડા દિવસો પહેલાં જાફરાબાદની બે અને રાજપરા ગામની એક બોટ દરિયામાં જળ સમાધિ લઈ ગઈ હતી. તે ઘટનામાં સવાર ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે. જાફરાબાદની બે બોટ અને ગીર સોમનાથના રાજપરાની એક બોટમાં ૨૮ માછીમારો હતા.

જેમાંથી ૧૭ માછીમારોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૧ માછીમારો ગુમ થયા હતા. જેમાંથી અત્યાર સુધી ૩ માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે. હજુ આજે પણ ૮ માછીમારોનો કોઈ પત્તો લાગ્યો નહોતો.






## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### નાસાએ આપી ચેતવણી! ૨૦૩૦માં વિનાશક સમુદ્રી પૂર આવશે

**ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૯ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે.**

# જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો ચંદ્ર પરની હલચલથી વિશ્વને ખતરો

**આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે.**

નાસાએ એક અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૯ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે. વિશ્વભરમાં હવામાનમાં ફેરફાર થઈ રહ્યા છે, અનેક સ્થળોએ ચક્રવાત તોફાન અને પૂરની સંખ્યામાં વધારો થયો છે. થોડા દિવસો પહેલા અમેરિકામાં પણ અનેક ચક્રવાત, વાવાઝોડા જોવા મળ્યા હતા. હવે આ અધ્યયનમાં ખુલાસો થયો છે કે, જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો, વિશ્વમાં ભયંકર પૂર આવશે અને યુ.એસ.ના દરિયાકાંઠે સૌથી વધુ નુકસાન ભોગવવું પડશે. જો આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે. નાસાના અધ્યયન મુજબ ચંદ્ર હંમેશાં સમુદ્રના





તરંગોને અસર કરે છે. ચંદ્રમાં હલચલ થયા પછી, વિશ્વના ઘણા ભાગોમાં પૂર આવશે. તેના કારણે વિશ્વના ઘણા દેશોમાં વિનાશક પૂરની સમસ્યા ઉભી થશે. અમેરિકામાં આની સૌથી વધુ અસર જોવા મળી શકે છે. કારણ કે આ દેશમાં દરિયાકાંઠાના પર્યટક સ્થળો વધુ છે. અભ્યાસના મુખ્ય લેખક અને હવાઈ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ફિલ થોમ્પસનએ કહ્યું કે, ચંદ્રની ભ્રમણકક્ષામાં 'હલચલ' પૂર્ણ થવામાં ૧૮.૬ વર્ષ લાગે છે. અહીં આપણે ચંદ્રની હિલચાલ વિશે જાણવાની જરૂર છે. થોમ્પસન સમજાવે છે કે, ચંદ્રમાં હિલચાલ હંમેશાં જોવા મળે છે, પરંતુ તેને ખતરનાક બનાવનારી વાત એ છે કે, ગ્રહ ગરમ થવાના કારણે સમુદ્રનું સ્તર વધશે. આ હલચલનું ચક્ર ૨૦૩૦ના દાયકાના મધ્યમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને સમુદ્રના વધતા સ્તર સાથે વિનાશક પૂર આવી શકે છે. નાસાની વેબસાઈટ અનુસાર, ચંદ્ર તેની લંબગોળ કક્ષાની ભ્રમણકક્ષા બનાવે છે, તો તેનો વેગ બદલાઈ જાય છે, જેથી ''પ્રકાશ બાજુ'' નો આપણો મત જુદા જુદા ખૂણા પર દેખાય છે. આ તે જ છે જે ચંદ્રમાં હલનચલનનું કારણ બને છે. થોમ્પસનએ કહ્યું છે કે, જો એક મહિનામાં ૧૦-૧૫ વખત આવા ખતરનાક પૂર આવ્યા તો, જન-જીવન ખરાબ રીતે પ્રભાવિત થશે. લોકોના ધંધા-રોજગાર અટકી પડશે. પાણી ભરવાથી મચ્છર, રોગો થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વભરના બરફ અને હિમનદીઓ સતત પીગળી રહ્યા છે, જેના કારણે દરિયાની સપાટી વધી રહી છે. આવી સ્થિતિમાં, નાસાની આ આગાહી બાદ વિશ્વએ ચેતવવું જોઈએ અને અત્યારથી જ બચાવ યોજનાઓ બનાવવી જોઈએ.



### બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતિ કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**

પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય



સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે.

બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકાસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે. પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા ંપણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે. કેટલાક બાળકો આને લઈને દુખી રહે છે. પિતા દ્વારા ઘરમાં મોટા ભાગે શિસ્ત રાખવામાં આવે છે.

ઘરમાં શિસ્ત રાખવા માટેની જવાબદારી પિતાની હોય છે. જેથી બાળકો કેટલીક વખત પરેશાન છે. તેમને પિડા થાય છે. જો કે પિતા બાળકોની લાઈફમાં હમેંશા લાભ કરાવે છે. પિતાની સાથે કોઈની તુલના શક્ય નથી. કારણ કે પિતા કોઈ પણ પરિસ્થિતીમાં બાળકોની ઈચ્છા પૂર્ણ કરવા માટે કટિબદ્ધ રહે છે. બાળકોના જતન માટે પિતા રાતદિવસ કામ કરે છે.દર વર્ષે હવે તો ફાધર્સ ડે અને મધર ડે પણ ઉજવવામાં આવે છે. જે દરમિયાન આધુનિક સમયમાં તો માતાપિતાનુ બાળકો દ્વારા હવે સન્માન કરવામાં આવે છે. ઘરમાં જુદી જુદી રીતે આને મનાવવામાં આવે છે. આ પરંપરા મોટા ભાગે ભારતની બહાર જોવા મળે છે.

### સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફલોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર



તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ૩૭ વર્ષમાં સૌથી ભીષણ પૂરથી પંજાબ પાણી-પાણી । અનેક ગામ ડૂબ્યાં

૧૯૮૮ બાદ પહેલીવાર આટલું ભયાનક પૂર આવ્યું । હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદના કારણે સતલુજ, બ્યાસ અને રાવી નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ । આસપાસ દૂર-દૂર સુધી રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે । કેટલાક વિસ્તારોમાં પરિસ્થિતિ એવી છે કે જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી ફક્ત પાણી જ દેખાય છે । પહાડોથી મેદાનો સુધી સતત વરસાદના કારણે મુશ્કેલીઓ વધી ગઈ । પઠાણકોટ, ગુરદાસપુર, ફાઝિલ્કા, તરન તારન, કપૂરથલા, ફિરોઝપુર, હોશિયારપુર અને અમૃતસરમાં પરિસ્થિતિ ખરાબ

। અમૃતસર, તા.૨૯ ।

આકાશી આફતે પંજાબમાં તબાહી મચાવી, નદીઓમાં પૂર, શાળા-કોલેજો બંધ, સેના એલર્ટ પર કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન સાથે વાત કરી અને શક્ય તમામ મદદની ખાતરી આપી. પંજાબમાં આજે પણ ભારે વરસાદની સંભાવના છે. પંજાબના ઘણા ભાગોમાં મુશળધાર વરસાદને કારણે સેનાને એલર્ટ પર રાખવામાં આવી છે. રવિવારે પડેલા મુશળધાર વરસાદને કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો હતો અને ઘણી ફ્લાઈટમાં વિલંબ થયો હતો. પૂર પ્રભાવિત જિલ્લાઓમાં એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે.મોહાલી અને ફતેહગઢ સાહિબમાં એનડીઆરએફની ટીમો તૈનાત કરવામાં આવી છે. સેનાના જવાનોને પણ આ વિસ્તારોમાં સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને તમામ અધિકારીઓને વરસાદ અને પૂર પ્રભાવિત વિસ્તારોમાં જઈને લોકોને મદદ કરવા સૂચના આપી છે. સીએમ માને અધિકારીઓ અને ધારાસભ્યોને લોકોની મદદ માટે લોકોની વચ્ચે જવા કહ્યું છે.પંજાબના અનેક જિલ્લાઓમાં રસ્તાઓ પર ૨-૩ ફૂટ પાણી જમા થઈ ગયું છે. મોહાલી, રૂપનગર, પટિયાલા અને ફતેહગઢ સાહિબમાં સ્થિતિ સૌથી ખરાબ છે. સતલજ સહિત અનેક નદીઓ તણાઈ રહી છે. પાણી ભરાવાને કારણે વાહનોની અવરજવરને અસર થઈ છે.

## હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે અને જાનમાલનું મોટું નુકસાન થયું





પંજાબમાં પૂરના કારણે સ્થિતિ બગડી રહી છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરને અડીને આવેલા જિલ્લામાં હાલ સ્થિતિ ખૂબ ખરાબ છે અને અનેક ગામો સંપૂર્ણ પાણીમાં ડૂબી ગયા છે. અહીં રહેતા લોકો હાલ અસ્થાયી કેમ્પમાં રહેવા માટે મજબૂર છે. કોઈ આલીશાન ઘર છોડીને ભાગવા મજબૂર બન્યું છે તો કોઈકને પોતાના પશુઓને કાઢવા સુધીનો પણ સમય નથી મળ્યો.પંજાબના લોકોનું કહેવું છે કે, ૧૯૮૮ બાદ પહેલીવાર આટલું ભયાનક પૂર આવ્યું છે. એટલે કે, ૩૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદના કારણે સતલુજ, બ્યાસ અને રાવી નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ છે. આસપાસ દૂર-દૂર સુધી રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. કેટલાક વિસ્તારોમાં પરિસ્થિતિ એવી છે કે જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી ફક્ત પાણી જ દેખાય છે. ખાસ કરીને પઠાણકોટ, ગુરદાસપુર, ફાઝિલ્કા, તરન તારન, કપૂરથલા, ફિરોઝપુર, હોશિયારપુર અને અમૃતસરમાં પરિસ્થિતિ ખરાબ છે. નીચાણવાળા વિસ્તારોમાં સેંકડો ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે.

મોટાભાગના ઘરો પાણીમાં ડૂબી ગયા છે. જેના કારણે, હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે અને જાનમાલનું મોટું નુકસાન થયું છે. સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં લોકોના ઘરોમાં પણ પાણી ઘુસી ગયા છે. મોહાલીમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.મોહાલીમાં પાણી ભરાવાને કારણે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. સેંકડો ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. અહીં સોસાયટીમાં લોકોને બોટનો સહારો લેવો પડે છે. મોહાલીની દેરાબસ્સી સોસાયટીમાં પાણી ભરાવાને કારણે વાહનો ડૂબી ગયા હતા. જ્યારે, ફતેહગઢ સાહિબમાં, લોકોને તેમના ઘરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પંજાબમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.જણાવી દઈએ કે મેદાનોથી લઈને પહાડી વિસ્તારો સુધી વરસાદનો કહેર છે. બધે પાણી જ પાણી દેખાય છે.

ભારે વરસાદને કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં ૧૯ લોકોના મોત થયા છે. પંજાબમાં પૂરના કારણે સ્થિતિ બગડી રહી છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરને અડીને આવેલા જિલ્લામાં હાલ સ્થિતિ ખૂબ ખરાબ છે અને અનેક ગામો સંપૂર્ણ પાણીમાં ડૂબી ગયા છે. અહીં રહેતા લોકો હાલ અસ્થાયી કેમ્પમાં રહેવા માટે મજબૂર છે. કોઈ આલીશાન ઘર છોડીને ભાગવા મજબૂર બન્યું છે તો કોઈકને પોતાના પશુઓને કાઢવા સુધીનો પણ સમય નથી મળ્યો.પંજાબના લોકોનું કહેવું છે કે, ૧૯૮૮ બાદ પહેલીવાર આટલું ભયાનક પૂર આવ્યું છે. એટલે કે, ૩૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદના કારણે સતલુજ, બ્યાસ અને રાવી નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ છે.

## પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનેએ પાણી ભરાયેલા વિસ્તારોમાં પાણીના પંપનો ઉપયોગ કરવાની સૂચના આપી હતી

પંજાબના મુખ્યમંત્રીએ પાણી ભરાયેલા વિસ્તારોમાં પાણીના પંપનો ઉપયોગ કરવાની સૂચના આપી હતી. તેમણે સ્પષ્ટ કહ્યું કે લોકોને દરેક શક્ય મદદ કરવી જોઈએ. બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પંજાબના મુખ્યમંત્રી સાથે વાત કરી અને શક્ય તમામ મદદની ખાતરી આપી. પંજાબમાં આજે પણ ભારે વરસાદની સંભાવના છે. આઈએમડીએ રવિવારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ચંદીગઢમાં ૩૦૨.૨ મીમી વરસાદ નોંધાયો છે.હાલ રાહત અને બચાવ કામગીરી શરૂ છે, પરંતુ પહાડોથી મેદાનો સુધી સતત વરસાદના કારણે મુશ્કેલીઓ વધી ગઈ છે. મુખ્યમંત્રી ભગવંત માને તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં વહીવટીતંત્રને બચાવ કામગીરી ઝડપી બનાવવાનો આદેશ આપ્યો છે. આજે તેઓ આ અંગે ચંદીગઢમાં ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજવાના છે. રાજપુરામાં ફ્લડ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, એક ઈમરજન્સી હેલ્પલાઈન નંબર પણ જાહેરી કરવામાં આવ્યો છે.

## જમ્મુમાં વરસાદે ૧૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો । હિમાચલ પ્રદેશમાં હજારો મુસાફરો ફસાયા : હાઇવે-બ્રિજ નદીમાં તણાયા । નેટવર્ક પણ ઠપ

જમ્મુમાં વરસાદે ૧૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો, હિમાચલ પ્રદેશમાં હજારો મુસાફરો ફસાયાઃ હાઈવે-બ્રિજ નદીમાં તણાયા, નેટવર્ક પણ ઠપજમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરથી ભારે તબાહી સર્જાઈ છે. જેના કારણે જમ્મુમાં ૧૧૫ વર્ષ જૂનો વરસાદનો રેકોર્ડ તૂટી ગયો છે, જ્યારે હિમાચલના ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં રસ્તાઓ અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓ છેલ્લા ત્રણ દિવસથી બંધ છે.જમ્મુમાં ૨૪ કલાકમાં ૩૮૦ મીમી વરસાદ પડ્યો, જેણે ૧૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો. વર્ષ ૧૯૧૦ પછી આ સૌથી ભારે વરસાદ છે, જેણે ૧૯૮૮ના ૨૭૦.૪ મીમીના રેકોર્ડને પાછળ છોડ્યો છે. તાવી નદી ૩૪ ફૂટ (ખતરાનું નિશાન ૧૪ ફૂટ) અને ચિનાબ નદી ૪૯ ફૂટ (ખતરાનું નિશાન ૩૫ ફૂટ) સુધી ઊછળી. કઠુઆમાં રાવી નદી સિવાય હવે મોટાભાગની નદીઓ ખતરાના નિશાનથી નીચે છે.હિમાચલમાં ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં ત્રણ દિવસથી રસ્તાઓ અને ફોન નેટવર્ક બંધ છે. બિયાસ નદીમાં પૂર આવવાથી રસ્તાઓ અને પુલ ધોવાઈ ગયા છે. ચંબાના ભરમૌરમાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ અને લાહૌલમાં પ્રવાસીઓ-ટ્રક ડ્રાઈવરો ફસાયા છે. કટરામાં માતા વૈષ્ણોદેવીની યાત્રા અટકાવી દેવાઈ છે.જમ્મુ કાશ્મીરમાં કિશ્તવાડ, ડોડા અને કટરામાં વાદળ ફાટવાથી ભારે તબાહી થઈ. ઉધમપુરમાં ૧૨ કલાકમાં ૫૪૦ મીમી વરસાદ પડ્યો, જેણે બધા રેકોર્ડ તોડ્યા. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ જખેની અને ચેના ક્ષતિગ્રસ્ત થવાથી બંધ છે. સિન્થન રોડ પણ બંધ છે, જ્યારે મુગલ રોડ પર સાવચેતી સાથે વાહનવ્યવહાર ચાલુ છે.ભારતીય સેના, એનડીઆરએફ, એસડીઆરએફ, સીઆરપીએફ, પોલીસ અને સ્થાનિક લોકો રાહત કાર્યોમાં લાગેલા છે. લગભગ ૪૦૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

## ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ફરી આભ ફાટ્યું । ૨ લોકો ગુમ

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ફરી આભ ફાટ્યું, ૨ લોકો ગુમ, ઘરોમાં કાટમાળ ફરી વળ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશને આ વખતે ચોમાસાની ઋતુ જાણે ભારે પડી ગઇ હોય એક પછી એક અનેક વિસ્તારોમાં વારંવાર આભ ફાટવા જેવી કુદરતી આફત ત્રાટકી રહી છે. જેના કારણે ભારે વિનાશ વેરાઈ રહ્યો છે અને લોકોમાં ડરનો માહોલ પેદા થઈ ગયો છે. ત્યારે ગઇકાલે રાતે ફરી એકવાર ચમોલી જિલ્લામાં જ આભ ફાટવાની ઘટના બની છે. માહિતી અનુસાર ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી બાદ હવે દેવાલના મોપાટામાં આભ ફાટવાની ઘટના બની છે. આ ઘટના બાદથી બે લોકો ગુમ છે જ્યારે સમગ્ર વિસ્તારમાં ઘરોમાં કાટમાળ અને કાદવ ફરી વળ્યો છે. અનેક મકાનોને નુકસાન થયું છે. અનેક પશુ-પ્રાણીઓ પણ કાટમાળ નીચે દટાઈ જતાં હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા છે. જિલ્લા અધિકારી સંદીપ તિવારીનું કહેવું છે કે આ કુદરતી આફતને કારણે બે લોકો ગુમ છે. જેમાં તારા સિંહ અને તેમની પત્નીનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય બે લોકોને કાટમાળ નીચેથી બચાવવામાં આવ્યા છે જેમની હાલત ગંભીર છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. આભ ફાટ્યાની ઘટનાની જાણકારી મળતા જ સ્થાનિક તંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને કાટમાળ હટાવવાની કામગીરી ત્વરિત શરૂ કરી દેવામાં આવી હતી. માહિતી અનુસાર અનેક મકાન અને ગૌશાળાઓ પણ આભ ફાટ્યા બાદ સર્જાયેલી આફતની લપેટમાં આવી ગયા હતા. લગભગ ૧૫-૨૦ પશુઓના મૃતદેહો કાટમાળમાં દટાયેલી હાલતમાં મળી આવતા લોકોમાં શોકનો માહોલ છવાયો હતો. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ફરી આભ ફાટ્યું, ૨ લોકો ગુમ, ઘરોમાં કાટમાળ ફરી વળ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશને આ વખતે ચોમાસાની ઋતુ જાણે ભારે પડી ગઇ હોય એક પછી એક અનેક વિસ્તારોમાં વારંવાર આભ ફાટવા જેવી કુદરતી આફત ત્રાટકી રહી છે.




## બાબા કેદારનાથના રુદ્રપ્રયાગમાં આભ ફાટતાં તબાહી । અનેક વાહનો વહી ગયા

બાબા કેદારનાથના રુદ્રપ્રયાગમાં આભ ફાટતાં તબાહી, જળપ્રલયમાં અનેક વાહનો વહી ગયા, ૬ ગુમ ઉત્તરાખંડમાં અનેક સ્થળો પર અવિરત વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ચમોલી જિલ્લામાં ભૂસ્ખલન થતાં એક પરિવારના બે સભ્યો ગુમ થયા છે. જ્યારે બાબા કેદારનાથના રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદારમાં વાદળ ફાટતા ભારે તબાહી મચી છે. આ દરમિયાન અનેક લોકો ગુમ થયા હોવાની આશંકા છે. અહેવાલ અનુસાર, રુદ્રપ્રયાગ જિલ્લામાં છ લોકો ગુમ થયા છે. અલકનંદા અને મંદાકિની નદીઓના સંગમ પર પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ ઘટનાઓમાં કેટલાક પરિવારોના લોકો ફસાયેલા હોવા અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.અહેવાલો અનુસાર, ચમોલી, રુદ્રપ્રયાગ અને ટિહરી જિલ્લામાં મોડી રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. ચમોલી જિલ્લાના મોપાટા ગામમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનથી કેટલાક ઘરો ધસી પડ્યા હતા. ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે, 'મોપાટામાં ભૂસ્ખલનથી એક ઘર અને ગૌશાળામાં રહેતા એક દંપતી ઘર ધરાશાયી થતા દબાઈ ગયા હતા.'રુદ્રપ્રયાગમાં મુશળધાર વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. મોડી રાતથી વરસાદને કારણે, ગૌરીકુંડ રુદ્રપ્રયાગ ઋષિકેશ બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઘણી જગ્યાએ બંધ થઈ ગયો છે, જ્યારે નદીઓનું પાણીનું સ્તર ભયના નિશાનથી ઉપર વધી રહ્યું છે. ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે કાટમાળ રસ્તા પર આવી ગયો છે. ઘણા વાહનો ફસાઈ ગયા છે. મુશળધાર વરસાદને કારણે ઘણી જગ્યાએ લોકો પોતાના ઘર છોડીને ચાલ્યા ગયા છે.ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું- 'રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદાર વિસ્તાર હેઠળના બડેથ ડુંગર તોક અને ચમોલી જિલ્લાના દેવલ વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે કાટમાળમાં કેટલાક પરિવારો ફસાયા હોવાના દુઃખદ સમાચાર મળ્યા છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, હું આ સંદર્ભમાં અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છું, આપત્તિ સચિવ અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે વાત કરી છે અને બચાવ કામગીરી અસરકારક રીતે હાથ ધરવા માટે જરૂરી સૂચનાઓ આપી છે. હું દરેકની સલામતી માટે બાબા કેદારને પ્રાર્થના કરું છું.'બાબા કેદારનાથના રુદ્રપ્રયાગમાં આભ ફાટતાં તબાહી, જળપ્રલયમાં અનેક વાહનો વહી ગયા, ૬ ગુમ ઉત્તરાખંડમાં અનેક સ્થળો પર અવિરત વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ચમોલી જિલ્લામાં ભૂસ્ખલન થતાં એક પરિવારના બે સભ્યો ગુમ થયા છે. જ્યારે બાબા કેદારનાથના રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદારમાં વાદળ ફાટતા ભારે તબાહી મચી છે. આ દરમિયાન અનેક લોકો ગુમ થયા હોવાની આશંકા છે. અહેવાલ અનુસાર, રુદ્રપ્રયાગ જિલ્લામાં છ લોકો ગુમ થયા છે.





## લખનઉમાં ૧૪ વર્ષની બાળકી સાથે હેવાનિયત, ૪ નરાધમોએ અપહરણ બાદ સામૂહિક દુષ્કર્મ આચર્યુ

। લખનઉ, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના ગ્રામીણ વિસ્તારમાં એક શરમજનક ઘટના બની છે. અહીં, બક્ષી કા તળાવ વિસ્તારમાં એક નિર્જન જંગલમાં ચાર યુવકોએ ૧૪ વર્ષની છોકરી પર દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે જણાવ્યું કે આ ઘટના ગુરુવાર રાતની છે. પીડિતા પોતાના ઘરેથી નીકળી હતી ત્યારે આરોપી યુવકોએ તેનું અપહરણ કરી તેને ગાડીમાં બેસાડી લીધી હતી. આરોપીઓ છોકરીને જંગલમાં લઈ ગયા, જ્યાં ચારેય યુવકોએ તેના પર દુષ્કર્મ આચર્યુ.પીડિતાના પિતાએ શુક્રવારે સવારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

પોલીસે આરોપી શિવા સિંહ, રાજ અને અન્ય બે અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ આરોપીઓને પકડવા માટે દરોડા પાડી રહી છે.પીડિત છોકરી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ગુરુવારે સાંજે તે ઘરની નજીક ફરી રહી હતી, ત્યારે ચાર યુવકો ત્યાં આવ્યા. તેઓએ છોકરીનું અપહરણ કરી તેને એક ગાડીમાં બેસાડી દીધી. આરોપીઓ તેને બક્ષી કા તળાવ વિસ્તારના જંગલમાં લઈ ગયા, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યુ અને છોકરીને બેભાન અવસ્થામાં છોડીને ભાગી ગયા. મોડી રાત સુધી છોકરી ન મળતાં તેના પરિવારજનો ચિંતિત થયા.

## ઉત્તરાખંડનામાં ૪૦ બાળકોને લઈ જતી સ્કૂલ બસ નાળામાં ખાબકી । ૧૨થી વધુ બાળકોને ગંભીર ઈજા

। હલ્દ્વાની, તા.૨૯ ।

ઉત્તરાખંડના હલ્દ્વાનીમાં ૪૦ બાળકોને લઈ જતી સ્કૂલ બસ નાળામાં ખાબકી, ૧૨થી વધુ બાળકોને ગંભીર ઈજાઉત્તરાખંડના હલ્દ્વાનીના જયપુર બીસા ગામમાં આજે ગુરૂવારે ભયાવહ અકસ્માત સર્જાયો છે. એક ખાનગી સ્કૂલની બસ બેકાબૂ બનતાં નાળામાં ખાબકી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓ સવાર હતા. ૧૨થી વધુ બાળકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજા થઈ છે.સ્થાનિક લોકોએ અકસ્માત બનતાં તુરંત જ બચાવ કામગીરી હાથ ધરી હતી

## બિહારમાં ૩ લાખ 'શંકાસ્પદ' મતદારોને ચૂંટણી પંચની નોટિસ

। બિહાર, તા.૨૯ ।


બિહારમાં વિશેષ ગહન નિરીક્ષણ અંતર્ગત મતદાર યાદીની સમીક્ષાનું કામ અંતિમ ચરણમાં છે. ચૂંટણી પંચ બિહારમાં અંતિમ મતદાર યાદી ૩૦ સપ્ટેમ્બરના રોજ જાહેર કરશે. તે પહેલાં ૩ લાખથી વધુ સંદિગ્ધ મતદારોના નામ રદ થી શકે છે. પંચને આ મતદારો દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોમાં ગંભીર ખામીઓ જોવા મળી હોવાનું જણાવ્યું છે.ચૂંટણી પંચે તમામ મતદારોને નોટિસ મોકલવાનું શરૂ કર્યું છે. સંબંધિત ક્ષેત્રોના એસડીએમના તપાસ રિપોર્ટના આધારે કિશનગંજ, પૂર્ણિયા, પશ્ચિમ ચંપારણ, પૂર્વીય ચંપારણ, અરરિયા, સહરસા, મધુબની, અને સુપૌલ જિલ્લાના મતદારોને નોટિસ મોકલી છે. નેપાળ અને બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલા ગામોના મતદારોના દસ્તાવેજમાં મોટાપાયે ખામી જોવા મળી છે.મીડિયા રિપ ોર્ટ અનુસાર, આ ત્રણ લાખ લોકો બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, અને અફઘાનિસ્તાનમાંથી ગેરકાયદે ઘૂસણખોરી કરી ભારતમાં પ્રવેશ્યા હોવાની આશંકા છે. તેઓએ નકલી દસ્તાવેજોના આધારે ચૂંટણી ઓળખ પત્ર હાંસલ કર્યુ છે. તેમણે પોતાના આધાર અને અન્ય દસ્તાવેજ કેવી રીતે બનાવ્યા છે તેની પણ તપાસ કરાશે. આ મતદારોએ અત્યારસુધી પોતાની ઓળખ રજૂ કરવા માટે ચૂંટણી પંચ પાસે કોઈ દસ્તાવેજ જમા કરાવ્યો નથી. જેથી પંચે તેમને નોટિસ પાઠવી છે.બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા હેઠળ જાહેર યાદીમાં પહેલાંથી જ ૬૫ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે.

**રામ સેતુ વિવાદમાં** | પૂર્વ કેન્દ્રીય મંત્રી સુબ્રમણ્યમ સ્વામીએ આ મામલે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરી છે

## રામ સેતુને રાષ્ટ્રીય સ્મારકનો દરજ્જો આપવાની માગ મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને નોટિસ

। નવી દિલ્હી, તા.૨૯ ।

રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની લાંબા સમયથી ચાલી રહેલી માંગ પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી સુબ્રમણ્યમ સ્વામીએ આ મામલે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરી છે. અરજીમાં દલીલ કરાઈ છે કે, ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે તેમને કેન્દ્ર સરકારને આવેદનપત્ર આપવાનું કહ્યું હતું. તેમણે બે વખત સરકારને આવેદનપત્રઆપ્યું,પરંતુતેનાપરકોઈનિર્ણય લેવામાં આવ્યો નથી. આથી, સુબ્રમણ્યમ સ્વામીએ કોર્ટને આ મામલે હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.સુબ્રમણ્યમ સ્વામીએ તેમની અરજીમાં જણાવ્યું છે કે, રામ સેતુના ધાર્મિક




અને સાંસ્કૃતિક મહત્વને જોતાં તેને કાયમી સંરક્ષણ આપવાની જરૂર છે. ન્યાયાધીશ સંદીપ મહેતાની બેંચે સુબ્રમણ્યમ સ્વામીના વરિષ્ઠ વકીલ વિભા દત્ત મખીજાની દલીલો સાંભળ્યા બાદ અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ જારી કરી છે.રામ સેતુ અથવા એડમ્સ બ્રિજ એ ભારત અને શ્રીલંકા વચ્ચેના દરિયામાં આવેલી ચૂનાના પથ્થરોની એક સાંકળ છે. આ પુલ તમિલનાડુના દક્ષિણ-પૂર્વીય કિનારે આવેલા પમ્બન ટાપુ અને શ્રીલંકાના ઉત્તર-પશ્ચિમ કિનારે આવેલા મન્નાર ટાપુને જોડે છે. ભૂસ્તરશાસ્ત્રીઓનું માનવું છે કે એક સમયે આ સાંકળ સંપૂર્ણપણે સમુદ્રની સપાટીથી ઉપર હતી, જેના કારણે પગપાળા શ્રીલંકા સુધી જઈ શકાતું હતું. હિંદુ ધર્મમાં આને ભગવાન રામની વાનર સેના દ્વારા નિર્મિત સેતુ માનવામાં આવે છે. પશ્ચિમી વિશ્વમાં તેને 'એડમ્સ બ્રિજ' તરીકે પણ ઓળખવામાં આવે છે.કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારના શાસનકાળમાં સેતુ સમુદ્રમ પ્રોજેક્ટ શરૂ થયો હતો. પ્રોજેક્ટ હેઠળ જહાજોની આવન-જાવન માટે નવો માર્ગ બનાવવા રામ સેતુને તોડવાનો હતો. જોકે, સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ પ્રોજેક્ટ અટકાવાયો હતો. ત્યારબાદ ૨૦૧૪માં એનડીએ સત્તા પર આવી પછી સરકારે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી કે, રામ સેતુને કોઈ નુકસાન પહોંચાડવામાં આવશે નહીં અને તેના માટે વૈકલ્પિક માર્ગ શોધવામાં આવશે. જોકે, રામ સેતુને રાષ્ટ્રીય સ્મારકનો દરજ્જો આપીને કાયમી સંરક્ષણ આપવા પર કેન્દ્ર સરકારે હજુ સુધી પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી.

### ન્યૂઝ બ્રિફ

## કર્ણાટકના મેંગલોરમાં મોટી દુર્ઘટના, બસ સ્ટેન્ડ સાથે બસ ટકરાતા ૫ના મોત, ૭ને ઈજા

। મેંગલોર, તા.૨૯ ।

કર્ણાટકના મેંગલોર શહેરમાં આજે (૨૮ ઓગસ્ટ) ભયાનક અકસ્માત સર્જાયો છે. અહીં કાસરગોડથી મેંગલુરુ જઈ રહેલી કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (દ્ભજીઇ્ઝ)ની બસની બ્રેક ફેલ થતાં તે બસ સ્ટેનમાં ઘૂસી ગઈ છે, જેમાં એક જ પરિવારના પાંચ સભ્યોનાં કમકમાટીભર્યાં મોત થયાં છે, જ્યારે સાત લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.બપોરે બનેલી આ ઘટનામાં બસ સ્ટેન્ડમાં રાહ જોઈ રહેલા ચાર લોકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. મૃતકોમાં એક જ પરિવારના ત્રણ મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક બાળક પણ આ અકસ્માતનો ભોગ બન્યું અને તેણે પણ જીવ ગુમાવ્યો. મળતી માહિતી મુજબ, કેટલાક મૃતકો બસ સ્ટેન્ડ પાસે એક ઓટો રિક્ષામાં બેઠા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અન્ય સાત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. સ્થાનિક પોલીસ અને રાહત ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટના બસની બ્રેક ફેલ થવાને કારણે થઈ હોવાનું મનાય છે. બસ ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે સીધી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી. આ ઘટનાની વિગતવાર તપાસ ચાલી રહી છે, અને પોલીસ અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા પ્રયાસ કરી રહી છે.

# ઈઝરાયલી સૈન્ય અને હમાસ વચ્ચે સીધી અથડામણ । ગાઝામાં ૭૧ પેલેસ્ટિનિયનના મોત





ગાઝા : ગાઝા પટ્ટીના સૌથી મોટા શહેર ગાઝા સિટી પર ઈઝરાયલી લશ્કરી કાર્યવાહી ચાલુ છે. ગુરુવારે (૨૮મી ઓગસ્ટ) રાત્રે ગાઝા પર ઈઝરાયલી બોમ્બમારા દરમિયાન ૧૬ લોકો માર્યા ગયા અને અનેક ઈજાગ્રસ્ત થયા. અત્યાર ગાઝામાં ઈઝરાયલી હુમલાઓમાં કુલ ૭૧ લોકો માર્યા ગયા છે.અહેવાલો અનુસાર, ગાઝાના દક્ષિણ ભાગમાં ખોરાક લેવા માટે રાહત વિતરણ કેન્દ્ર પર પહોંચેલા લોકો પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં ચાર નાગરિકો માર્યા ગયા હતા અને ૨૭ ઈજાગ્રસ્ત થયા હતા. ઈઝરાયલની સેનાનું કહેવું છે કે જ્યાં સુધી હમાસ અને તેના સંલગ્ન સંગઠનોના માળખાનો ખાતમો ન થાય ત્યાં સુધી તેનું ઓપરેશન ચાલુ રહેશે.ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં ચાલી રહેલી આ કાર્યવાહીમાં ૬૨ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો છે. આ સાથે ખાદ્ય પુરવઠા પર પ્રતિબંધોને કારણે ભૂખમરા અને કુપોષણને કારણે ૩૧૭ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં ૧૨૧ બાળકોનો સમાવેશ થાય છે.ઈઝરાયલે ગાઝા શહેરમાં મોટા પાયે ઓપરેશન શરૂ કર્યું છે. તાજેતરમાં જ સેનાના ટેન્કો શહેરની હદમાં પ્રવેશ્યા અને તોપમારો શરૂ કર્યો અને ખાલી ઘરો તોડી પાડ્યા. ઘણી જગ્યાએ હમાસના લડાકુઓ અને ઈઝરાયલી સૈનિકો વચ્ચે યુદ્ધ થયું હતું. અહેવાલ અનુસાર, ઈઝરાયલના ગિવાટી બ્રિગેડે હમાસના લડાકુઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે અને તેમના ઘણાં હથિયારના ડેપોનો નાશ કરવામાં આવ્યો છે.

## રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની જોડી ફરી રીપિટ



। મુંબઇ, તા.૨૯ ।

ઉજ્જવલ નિકમની બાયોપિકમાં રાજકુમાર રાવ બાદ હવે વામિકા ગબ્બીની પણ એન્ટ્રી થઈ છે. 'ભૂલચૂક માફ' ફિલ્મ પછી આ જોડી ફરી સાથે આવી રહી છે. આ ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવશે. આ ફિલ્મનું દિગ્દર્શન અવિનાશ અરુણનું હશે. આ ફિલ્મ ૧૯૯૩નાં મુંબઈ વિસ્ફોટો તથા ૨૦૦૮ના કસાબ કેસ સહિતના કેસો લડનારા વકીલ ઉજ્જવલ નિકમની કાનૂની સફર પર આધારિત છે.

જોકે, રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી બંને બહેતરીન કલાકારો હોવા છતાં તેમની ફિલ્મ 'ભૂલચૂક માફ' ટિકિટબારી પર સારો દેખાવ કરી શકી ન હતી. ૫૦ કરોડનાં બજેટમાં બનેલી આ ફિલ્મ ૭૦ કરોડની કુલ કમાણી સુધી પહોંચતાં પહોંચતાં હાંફી ગઈ હતી અને તેની માત્ર પ્રોડક્શન કોસ્ટ જ રિકવર થઈ શકી હતી. ઉજ્જવલ નિકમની બાયોપિકમાં રાજકુમાર રાવ બાદ હવે વામિકા ગબ્બીની પણ એન્ટ્રી થઈ છે. 'ભૂલચૂક માફ' ફિલ્મ પછી આ જોડી ફરી સાથે આવી રહી છે. ૫૦ કરોડનાં બજેટમાં બનેલી આ ફિલ્મ ૭૦ કરોડની કુલ કમાણી સુધી પહોંચતાં પહોંચતાં હાંફી ગઈ હતી અને તેની માત્ર પ્રોડક્શન કોસ્ટ જ રિકવર થઈ શકી હતી.

### બ્રોકરેજ કંપની સીએલએસએના રિપોર્ટમાં ઘટસ્ફોટ

## રશિયાનું સસ્તું ક્રૂડ ખરીદવામાં ભારતને ૨૫ અબજ નહીં માત્ર ૨.૫ અબજ ડોલરનો લાભ

**ભારત રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બંધ કરી દે તો વિશ્વમાં ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર થઈ જાય : સીએલએસએ । રશિયન ક્રૂડનો ૬૦ ડોલરનો ભાવ ઘણો નીચો દેખાય, પરંતુ ઈન્સ્યોરન્સ, શિપિંગ સહિતના ખર્ચાથી ભારતને ઓછો લાભ**

। મોસ્કો, તા.૨૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી સસ્તુ ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ નાંખ્યો છે અને સસ્તા ક્રૂડની ખરીદીથી ભારતે જંગી નફો કર્યો હોવાનો અમેરિકા દાવો કરી રહ્યું છે. પરંતુ બ્રોકરેજ કંપની સીએલએસએના રિપોર્ટ મુજબ રશિયા પાસેથી સસ્તા ક્રૂડ ઓઈલની ખરીદી કરીને ભારતને વાર્ષિક માત્ર ૨.૫ અબજ ડોલરનો ચોખ્ખો નફો થયો છે, જે ભારતના જીડીપીના માત્ર ૦.૦૬ ટકા છે. અગાઉ સસ્તા ક્રૂડની ખરીદીથી ભારતને ૧૦ થી ૨૫ અબજ ડોલરનો નફો થયો હોવાની અટકળો હતી.અમેરિકાના દબાણ હેઠળ ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી અટકાવી દે તો દુનિયાના સૌથી મોટા ઓઈલ આયાતકાર અને ગ્રાહક દેશ ભારત પાસે ક્રૂડની ખરીદી માટેના વિકલ્પો મર્યાદિત બની જાય છે, જેને પગલે સમગ્ર વિશ્વમાં ક્રૂડ ઓઈલના ભાવ વધીને પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર જઈ શકે છે. બ્રોકરેજ કંપની સીએલએસએએ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે રશિયન ક્રૂડ ઓઈલની આયાતથી ભારતને થયેલો લાભ હંમેશા મીડિયામાં ખૂબ જ વધારીને જણાવાયેલા આંકડાઓથી



ખૂબ જ ઓછો રહ્યો છે. કેટલાક મીડિયાએ ભારતને વાર્ષિક ૧૦થી ૨૫ અબજ ડોલરનો લાભ થયો હોવાનો અંદાજ વ્યક્ત કર્યો છે ત્યારે અમારી ગણતરી મુજબ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી મારફત ભારતને માત્ર વાર્ષિક ૨.૫ અબજ ડોલરનો જ ચોખ્ખો લાભ થયો છે.

સીએલએસએના રિપોર્ટ મુજબ રશિયા પાસેથી સસ્તા ક્રૂડની ખરીદી જેટલી લાભદાયક દેખાય છે તેટલી નથી. રશિયન ક્રૂડની કિંમત ભલે ૬૦ ડોલર પ્રતિ બેરલ જેટલી નીચી હોય, પરંતુ ઈન્સ્યોરન્સ, શિપિંગ અને રિસ્ક પ્રીમિયમ જેવા અનેક ખર્ચાના પગલે ભારતને હકીકતમાં બહુ ઓછો ફાયદો થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ છૂટ અંદાજે ૮.૫ ડોલર પ્રતિ બેરલ હતી, જે હવે ઘટીને ૩ થી ૫ ડોલર રહી ગઈ છે. તાજેતરના મહિનાઓમાં આ છૂટ માત્ર ૧.૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે.

હાલમાં ભારત તેની ક્રૂડ જરૂરિયાતોના ૩૬ ટકા આયાત રશિયા પાસેથી કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે રશિયા પાસેથી દૈનિક ૫૪ લાખ બેરલ (એમબીપીડી) ક્રૂડની આયાત કરી હતી. રશિયા સિવાય ભારત સાઉદી અરબ પાસેથી ૧૪ ટકા, ઈરાક પાસેથી ૨૦ ટકા, યુએઈ પાસેથી ૯ ટકા અને અમેરિકા પાસેથી ચાર ટકા ક્રૂડ ઓઈલની ખરીદી કરે છે.

### ટ્રમ્પના સ્વાસ્થ્યની અટકળો વચ્ચે જેડી વેન્સનું મોટું નિવેદન

## 'ટ્રમ્પ સંપૂર્ણ રીતે સ્વસ્થ છે અને તેમની અંદર જબરદસ્ત ઊર્જા છે'

**જેડી વેન્સે કહ્યું કે, 'ટ્રમ્પ ફક્ત તેમનો કાર્યકાળ પૂર્ણ જ નહીં કરે પરંતુ, ભવિષ્યમાં અમેરિકન લોકો માટે મહાન કાર્યો પણ કરશે**

। વૉશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે. જોકે, હાલ ટ્રમ્પના સ્વાસ્થ્યને લઈને વિવિધ અટકળો ચાલી રહી છે. જોકે, આ દરમિયાન ઉપપ્રમુખ જેડી વેન્સે આ અટકળોને નકારી દીધી છે અને કહ્યું કે, 'ટ્રમ્પ સંપૂર્ણ રીતે સ્વસ્થ છે અને તેમની અંદર જબરદસ્ત ઊર્જા છે.' નોંધનીય છે કે, ટ્રમ્પ અમેરિકાના સૌથી વૃદ્ધ પ્રમુખ છે. જેડી વેન્સે કહ્યું કે, 'ટ્રમ્પ ફક્ત તેમનો કાર્યકાળ પૂર્ણ જ નહીં કરે પરંતુ, ભવિષ્યમાં અમેરિકન લોકો માટે મહાન કાર્યો પણ કરશે. ઉપપ્રમુખ તરીકે, દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું મારૂ કર્તવ્ય છે. જો મારે કોઈ દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ કે દુર્ઘટનામાં જવાબદારી લેવી પડે, તો હું સંપૂર્ણપણે તૈયાર છું.'એક ઈન્ટરવ્યુમાં વેન્સે ટ્રમ્પ વિશે વાત કરતા કહ્યું કે, 'તેઓ દિવસ-રાત મહેનત કરનારા નેતા છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, અમેરિકાના પ્રમુખનું સ્વાસ્થ્ય એકદમ સારૂ છે. તેઓ પોતાના કાર્યકાળના બાકીના ભાગને પૂરો કરશે અને અમેરિકાની જનતા માટે શાનદાર કામ કરશે.'અમેરિકાના ઈતિહાસમાં ત્રીજા સૌથી યુવા ઉપપ્રમુખ ૪૦ વર્ષીય વેન્સે કહ્યું કે, જો ટ્રમ્પને કંઈ થાય તો તેઓ અમેરિકાના પ્રમુખ બનવા માટે તૈયાર છે. ઉપપ્રમુખ હોવાને કારણે મારે દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે. મને નથી લાગતું કે છેલ્લા ૨૦૦ દિવસમાં મને જે અનુભવ થયો છે તેના કરતાં વધુ સારી ઑન-ધ-જૉબ ટ્રેનિંગ કોઈ હોય શકે. જો કોઈ મોટી દુર્ઘટના બને છે, તો હું તૈયાર છું.'નોંધનીય છે કે, જો ટ્રમ્પ પોતાનો કાર્યકાળ પૂર્ણ કરશે, તો તેઓ અમેરિકન ઈતિહાસના સૌથી વૃદ્ધ પ્રમુખ બનશે. જોકે તેઓ ત્રીજા કાર્યકાળ માટે ચૂંટણી લડવા માટે લાયક નથી, ટ્રમ્પે વારંવાર સંકેત આપ્યો છે કે તેઓ ૨૦૨૮માં આ રેસમાં જોડાઈ શકે છે. આ વર્ષે જાન્યુઆરીમાં શપથ લીધા પછી, ટ્રમ્પ ૭૮ વર્ષ અને સાત મહિનાની ઉંમરે અમેરિકાના સૌથી વૃદ્ધ રાષ્ટ્રપતિ બન્યા.'અમેરિકન પ્રમુખ એકદમ ફિટ પણ હું...', ટ્રમ્પના સ્વાસ્થ્યની અટકળો વચ્ચે જેડી વેન્સનું મોટું નિવેદનઅમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે. જોકે, હાલ ટ્રમ્પના સ્વાસ્થ્યને લઈને વિવિધ અટકળો ચાલી રહી છે. જોકે, આ દરમિયાન ઉપપ્રમુખ જેડી વેન્સે આ અટકળોને નકારી દીધી છે.

## તૃપ્તિ ડિમરી વિદેશ શૂટિંગમાં પણ બોયફ્રેન્ડને સાથે લઈ ગઈ



। મુંબઇ, તા.૨૯ ।

તૃપ્તિ ડિમરી અને બિઝનેસમેન સેમ મર્ચન્ટનો રોમાન્સ હાલ ભારે ચર્ચામાં છે. તાજેતરમાં તૃપ્તિ ડિમરી ફોરેનમાં તેનાં ફિલ્મનાં શૂટિંગમાં પણ બોય ફ્રેન્ડ સાથે પહોંચી હતી. તૃપ્તિ સ્પેનમાં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'રોમિયો'નાં શૂટિંગ માટે ગઈ હતી. આ દરમિયાન સેમ પણ તેની સાથે જોવા મળ્યો હતો. બંનેની સોશિયલ મીડિયા તસવીરો પરથી તેઓ સાથે હોવાનું સ્પષ્ટ થયું હતું. 'રોમિયો' ફિલ્મમાં તૃપ્તિનો હીરો શાહિદ કપૂર છે. તૃપ્તિ અને સેમ છેલ્લા કેટલાય સમયથી દેશ અને વિદેશમાં સાથે સાથે ટ્રીપ કરી રહ્યાં છે. જોકે, બંનેએ હજુ સુધી તેમના સંબંધો ઓફિશિયલ કર્યા નથી. બંને એકબીજાના પરિવારજનો સાથે પણ કેટલાંક પ્રસંગોમાં દેખાયાં છે. તે પરથી તેમના સંબંધો બંનેના પરિવારે પણ સ્વીકારી લીધા હોવાનું મનાય છે. બંનેએ શૂટિંગની સાથે હોલીડે ટ્રીપ મનાવીરોમિયો ફિલ્મનાં સ્પેનમાં શૂટિંગ દરમિયાન સેમ મર્ચન્ટ પણ સતત હાજર તૃપ્તિ ડિમરી અને બિઝનેસમેન સેમ મર્ચન્ટનો રોમાન્સ હાલ ભારે ચર્ચામાં છે. તાજેતરમાં તૃપ્તિ ડિમરી ફોરેનમાં તેનાં ફિલ્મનાં શૂટિંગમાં પણ બોય ફ્રેન્ડ સાથે પહોંચી હતી. તૃપ્તિ સ્પેનમાં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'રોમિયો'નાં શૂટિંગ માટે ગઈ હતી. આ દરમિયાન સેમ પણ તેની સાથે જોવા મળ્યો હતો.

## લંડનમાં ભારતીય રેસ્ટોરન્ટમાં આગચંપી, ૫ લોકો દાઝ્યાં । સીસીટીવી ની મદદથી બે શંકાસ્પદ પકડાયા

। લંડન, તા.૨૬ ।

ફાઈસ્ટ લંડનમાં આવેલી એક ભારતીય રેસ્ટોરન્ટમાં ૨૨ ઓગસ્ટની રાત્રે આગચંપીની ઘટના બની હતી. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરતા ૧૫ વર્ષના એક છોકરા અને ૫૪ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. બંને સામે આ ઘટનાને અંજામ આપવાનો આરોપ લાગ્યો છે. આગચંપીની ઘટનામાં લગભગ ૫ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યાનુસાર આ ઘટના ઈલફોર્ડના વૂડફોર્ડ એવન્યૂ, ગેન્ટ્સ હિલમાં આવેલી ઈન્ડિયન અરોમા રેસ્ટોરન્ટમાં બની હતી. ઘાયલોમાં ત્રણ મહિલાઓ અને બે પુરુષો સામેલ છે જે આગની ઘટના વખતે રેસ્ટોરન્ટમાં ડિનર કરી રહ્યા હતા. લંડન એમ્બ્યુલન્સ સર્વિસના પેરામેડિક્સે તેમને પ્રાથમિક સારવાર આપી હતી અને પછી તેમને હોસ્પિટલ પહોંચતા કરાયા હતા. પોલીસે જણાવ્યું હતું કે એક પુરુષ અને એક મહિલાની હાલત હજુ પણ ગંભીર છે. લંડન પોલીસના નોર્થ યુનિટના ચીફ ઈન્સ્પેક્ટર માર્ક રોજર્સે જણાવ્યું હતું કે, 'અમે બે લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે સાંજે બનેલી આ ઘટનાની તપાસ ઝડપથી ચાલી રહી છે. ભારતીય સમુદાયના લોકો આ ઘટનાથી ચિંતિત અને આઘાતમાં છે. હું તેમને અપીલ કરું છું કે જો તેમની પાસે કોઈ માહિતી હોય, તો તેઓ આગળ આવે અને પોલીસ સાથે વાત કરે.'

## 'ભારત ભોગવી રહ્યું છે, હવે ચીન અને બ્રાઝીલ પણ...', અમેરિકાના વધુ એક નેતાની ધમકી

। વૉશિંગ્ટન, તા.૨૯ ।

ટેરિફ વોર વચ્ચે ભારતને ધમકી આપનારા અમેરિકન સાંસદ લિન્ડસે ગ્રેહામે ફરી એકવાર પ્રતિક્રિયા આપી છે. આ વખતે તેમણે કહ્યું છે કે ભારત રશિયન ઓઈલ ખરીદવાને કારણે ભોગવી રહ્યું છે અને અન્ય દેશોની પણ આવી હાલત ટૂંક સમયમાં થશે. ખાસ વાત એ છે કે આ વખતે તેમણે ચીનનો પણ ઉલ્લેખ કર્યો છે. ઉલ્લેખનીય છે કે ભારત સામે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ૨૫ ટકા વધારાની ડ્યુટી પણ બુધવારથી અમલમાં આવી ગઈ છે. રશિયા પાસેથી ઓઈલની ખરીદીમાં ચીન, ભારત અને બ્રાઝીલ સૌથી આગળ છે એટલા માટે તેમણે આ ત્રણેય દેશોને ઘેર્યા છે. ગ્રેહામે લખ્યું, 'ભારત, ચીન, બ્રાઝિલ અને અન્ય દેશો જે સસ્તું રશિયન ઓઈલ ખરીદીને પુતિનના યુદ્ધ મશીનને મદદ કરી રહ્યા છે. તમારી ખરીદીને કારણે બાળકો સહિત નિર્દોષ નાગરિકો માર્યા જઈ રહ્યા છે તે અંગે તમને અત્યારે કેવું લાગે છે? ભારત પુતિનને ટેકો આપવા બદલ કિંમત ચૂકવી રહ્યું છે. બાકીના દેશો, તમે પણ ટૂંક સમયમાં આ રીતે ભોગવવા તૈયાર રહેજો.'અગાઉ જુલાઈમાં ગ્રેહામે કહ્યું હતું કે, 'હું ચીન, ભારત અને બ્રાઝિલને કહેવા માંગુ છું કે જો તમે રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ ચાલુ રાખવા માટે સસ્તું રશિયન ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશો, તો અમે તમારી સ્થિતિ વધુ ખરાબ કરીશું અને અમે તમારી અર્થવ્યવસ્થાનો નાશ કરીશું, કારણ કે તમે જે કરી રહ્યા છો તે લોહીના પૈસા છે.' તેમણે કહ્યું, 'તમે વિશ્વના ભોગે સસ્તું તેલ ખરીદી રહ્યા છો અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ હવે આ રમતથી કંટાળી ગયા છે.'ટેરિફ વોર વચ્ચે ભારતને ધમકી આપનારા અમેરિકન સાંસદ લિન્ડસે ગ્રેહામે ફરી એકવાર પ્રતિક્રિયા આપી છે.

**રશિયાએ ૫૯૮ ડ્રોન અને ૩૧ મિસાઇલ છોડી : ૪૮ ઘાયલ** | **અમેરિકાના નેતૃત્વમાં શાંતિ પ્રયાસો સફળ ન થવાની વચ્ચે છેલ્લા કેટલાક સપ્તાહોમાં કીવ પર રશિયાનો પ્રથમ મોટો હુમલો**

## રશિયાનો યુક્રેન ઉપર ડ્રોન અને મિસાઇલ હુમલો : ૧૭નાં મોત

। કીવ, તા.૨૯ ।

રશિયાએ આજે વહેલી સવારે યુક્રેનની રાજધાની કીવ પર ડ્રોન અને મિસાઈલથી મોટો હુમલો કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૧૭ લોકોનાં મોત થયા છે અને અન્ય ૪૮ ઘાયલ થયા છે તેમ સ્થાનિક અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અમેરિકાના નેતૃત્વમાં શાંતિ પ્રયાસો સફળ ન થવાની વચ્ચે છેલ્લા કેટલાક સપ્તાહોમાં આ કીવ પર રશિયાનો પ્રથમ મોટો હુમલો છે. યુક્રેનની વાયુસેના અનુસાર રશિયાએ સમગ્ર દેશમાં ૫૯૮ ડ્રોન અને વિભિન્ન પ્રકારની ૩૧ મિસાઈલ છોડી હતી. જેના કારણે આ હુમલો યુદ્ધના સૌથી મોટા



હુમલાઓ પૈકીનો એક બની ગયો હતો. કીવ શહેર વહીવટી તંત્રના પ્રમુખ તૈમુર ત્કાચેંકોએ જણાવ્યું હતું કે મૃતકોમાં બે ૧૪ અને ૧૭ વર્ષની સગીરા પણ સામેલ છે. મૃતકોની સંખ્યા વધી શકે છે કારણકે બચાવ દળ કાટમાળમાં દબાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયત્નો કરી રહ્યું છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ હુમલા ૫છી જણાવ્યું હતું કે રશિયા મંત્રણાના ટેબલને બદલે બેલેસ્ટિક હથિયારોની ૫સંદગી કરે છે. અમે વિશ્વના એ તમામ લોકો પાસે પ્રતિક્રિયાની આશા રાખીએ છીએ જેમણે શાંતિની અપીલ કરી હતી. પરંતુ હવે સૈદ્ધાંતિક વલણ અપનાવવાને બદલે મોટે ભાગે ચુપ રહે છે. રશિયના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતુ કે તેણે સમગ્ર રાત્રિ દરમિયાન યુક્રેનના ૧૦૨ ડ્રોન તોડી પાડયા હતાં. મોટા ભાગના ડ્રોન દેશના દક્ષિણ પશ્ચિમ ભાગમાં તોડી પાડવામાં આવ્યા હતાં.પશ્ચિમ નેતાઓએ પુતિન પર શાંતિ પ્રયાસો અંગે ગંભીર ન હોવાનો અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાથી બચવાનો આરોપ મૂક્યો છે. બીજી તરફ રશિયન સૈનિક યુક્રેનની અંદર સુધી પ્રવેશ કરી રહ્યાં છે.

ચાલુ સપ્તાહે રશિયન સેનાએ સ્વીકાર કર્યો છે કે તે યુક્રેનના આઠમા વિસ્તારમાં ઘુસી ગઈ છે જેથી યુક્રેનનો વધુમાં વધુ વિસ્તાર કબજે કરી શકાય. ઝેલેન્સ્કીને આશા છે કે જો પુતીન યુદ્ધ સમાપ્ત કરવા માટં ગંભીરતા દર્શાવતા નથી તો રશિયન અર્થતંત્રને નબળું બનાવવા માટે અમેરિકા વધુ કડક પ્રતિબંધો લગાવશે.રશિયાએ આજે વહેલી સવારે યુક્રેનની રાજધાની કીવ પર ડ્રોન અને મિસાઈલથી મોટો હુમલો કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૧૭ લોકોનાં મોત થયા છે અને અન્ય ૪૮ ઘાયલ થયા છે તેમ સ્થાનિક અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અમેરિકાના નેતૃત્વમાં શાંતિ પ્રયાસો સફળ ન થવાની વચ્ચે છેલ્લા કેટલાક સપ્તાહોમાં આ કીવ પર રશિયાનો પ્રથમ મોટો હુમલો છે.

### તાઇવાન અંગે ચીનના પ્રમુખની યોજનાની સતત ચર્ચા થાય છે

### વારંવાર ચીની યુદ્ધ વિમાનો અને યુદ્ધ જહાજો તાઇવાન સ્ટ્રેઇટ્સ ઓળંગી ટાપુ રાષ્ટ્રને ધમકાવે છે : સામે તાઇવાન પણ હવે પૂરી તૈયારી કરી રહ્યું છે

## તાઇવાનની જળ-સીમામાં ૪૧ ચીની વિમાનો । સાત યુદ્ધ જહાજો ફરી ઘૂસ્યાં । જિનપિંગ જબરૂં કરવાની તૈયારીમાં

। તાઇવાન, તા.૨૯ ।

તાઈવાન અંગે શી જિનપિંગની યોજના શી છે ? વિશ્વભરમાં તેની ચર્ચા થઈ રહી છે. કારણ સ્પષ્ટ છે વારંવાર ચીની વિમાનો તાઈવાનની જળસીમામાં ઘૂસેછે તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું, આજે (ગુરૂવારે) સવારે કહ્યું હતું કે, 'સવારના પ્રમાણે અમે અમારા જળ ક્ષેત્ર આસપાસ ૪૧ યુદ્ધ વિમાનો અને ૭ યુદ્ધ જહાજો તાઈવાન ફરતે ચક્કર કાપી રહ્યા છે તે ૪૧ યુદ્ધ વિમાનો પૈકી ૨૧ તાઈવાનની જળસીમામાં ઘૂસ્યા હતા. તે વિમાનો તાઈવાનના એરડીફેન્સ આઈન્ડેન્ટિફિકેશન ઝોન (એડીઆઈઝેડ)ના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારમાં ઘૂસ્યા હતા.' તાઈવાનના વિદેશ મંત્રી લિન- ચિયા લંગે ચીનને 'ક્ષેત્રીય ઉપદ્રવી' કહી દીધું છે. તેઓએ આ વિધાનો તેટલા માટે કર્યા કે, સોલોમાન ટાપુઓ ઉપર ચીનનો પૂરો પ્રભાવ છે. તેણે આગામી પેસિફિક માઈલ્સ ગ્રૂપ ફોરમમાં અમેરિકા અને તાઈવાનની બાદબાકી કરી નાખી છે. અત્યારે પેસિફિક માઈલ્સ ગ્રુપના પ્રમુખ પદે સોલોમન આઈલેન્ડ છે.ચીન પેસેફિક ઑશનના કેટલાક ટાપુઓને પૈસા આપી પોતાની તરફે વાળી લીધા છે જે અમેરિકા



માટે પણ ચિંતાજનક બાબત છે. ચીન તાઈવાનને પોતાનું કહે છે પરંતુ તાઈવાન પોતાને સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર કહે છે તે સર્વવિદિત છે. આ અંગે તાઈવાનના વિદેશ મંત્રીએ કહ્યું હતું કે અસત્ય ૧૦૦ વાર કહેવાથી સત્ય નથી બની જતું.વિશ્લેષકો કહે છે કે, 'માનો કે ન માનો પરંતુ ચીનમાં આંતરિક ઉકળાટ હશે જ. જેથી જનતાનું ધ્યાન બીજે દોરવા ચીને ઉત્તર પશ્ચિમે ભારતના લડાખ, દોકલામ અને અરૂણાચલ પ્રદેશમાં ઘૂસ કરવા ગયું ત્યાં માર ખાધો તેથી હવે દક્ષિણ પૂર્વે તાઈવાન કબ્જે કરી શી જિનપિંગ પોતાને માઓત્સે- તુંગ કરતા પણ મહાન દર્શાવવા માંગે છે. માઓ-ત્સે-તુંગે ૧૯૫૦માં તિબેટ કબ્જે કર્યું પરંતુ તે સમયે અમેરિકી નૌકાદળથી રક્ષિત તેવું તાઈવાન કબ્જે કરી શકે તેમ ન હતા હવે શી જિનપિંગ તાઈવાન કબ્જે કરી પોતાને માઓત્સે-તુંગ કરતા પણ મહાન દર્શાવવા માગે છે. સવાલ સીધો છે : અમેરિકા તે થવા દેશે ?'તાઈવાન અંગે શી જિનપિંગની યોજના શી છે ? વિશ્વભરમાં તેની ચર્ચા થઈ રહી છે. કારણ સ્પષ્ટ છે વારંવાર ચીની વિમાનો તાઈવાનની જળસીમામાં ઘૂસેછે તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું, આજે (ગુરૂવારે) સવારે કહ્યું હતું કે, 'સવારના પ્રમાણે અમે અમારા જળ ક્ષેત્ર આસપાસ ૪૧ યુદ્ધ વિમાનો અને ૭ યુદ્ધ જહાજો તાઈવાન ફરતે ચક્કર કાપી રહ્યા છે તે ૪૧ યુદ્ધ વિમાનો પૈકી ૨૧ તાઈવાનની જળસીમામાં ઘૂસ્યા હતા. તાઈવાન અંગે શી જિનપિંગની યોજના શી છે ?

## ગુજકોમાસોલે સર કર્યા સફળતાના સોપાનો : દિલીપ સંઘાણી

# ગુજકોમાસોલનું ટર્નઓવર રૂા.૨૨૩૯ કરોડ થી વધીને વર્ષ ૨૪-૨૫ માં રૂા.૯૫૯૩ કરોડ સુધી પહોચ્યુ છે : દિલીપ સંઘાણી

### મહેસાણા ખાતે આધુનિક ટેકનોલોજી આધારિત ઈન્ટિગ્રેટેડ એગ્રી લોજિસ્ટિક્સ પાર્કનું નજીકના ભવિષ્યમાં લોકાર્પણ થશે : દિલીપ સંઘાણી

। પ્રતિનિધિ, અમદાવાદ, ૨૯ ।

ગુજકોમાસોલ એ રાજયની ટોચની સહકારી સંસ્થા છે. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ત્રિભુવનદાસ પટેલ જેવા સંનિષ્ઠ સહકારી આગેવાન દ્વારા અમુલની સ્થાપના થઈ હતી. એ જ ત્રિભુવનદાસ પટેલે વર્ષ ૧૯૬૦ માં ગુજકોમાસોલની સ્થાપના કરેલ. સ્થાપનાકાળથી ખાતર, દવા, બિયારણો, ખેત જણસોની ખરીદી, સ્ટોરેજ વગેરે જેવી અનેકવિધ ખેડુતલક્ષી પ્રવૃતિઓ ગુજકોમાસોલ દ્વારા થઈ રહી છે. દેશના સહકારી માળખા માટે ગૌરવરૂપ કહી શકાય કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી, જેનો કાર્યભાર સફળ અને સબળ નેતા માન.શ્રી અમિતભાઈ શાહ સંભાળી રહયા છે. તા. ૧૭/૦૭/૨૦૧૭ નાં રોજ પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા ગુજકોમાસોલનું સુકાન મને સોંપવામાં આવ્યુ. આજ દિવસ સુધી ખેડૂત ખેતી અને સહકાર ને કેન્દ્રમાં રાખી ગામડાના નાણા માં નાના માણસ સુધી લાભ પહોંચાડવા માટે કામગીરી કરી રહ્યો છું. આજે ગૌરવ સાથે કહી શકું કે, વર્ષ ૨૦૧૭માં ગુજકોમાસોલનું ટર્નઓવર રૂા.૨૨૩૯ કરોડ હતુ તે સને ૨૦૨૪-૨૫ માં રૂા. ૧૦,૨૭૫ કરોડ સુધી પહોચ્યુ છે, જયારે ગ્રોસ નફો રૂા.૧૪૫.૬૫ કરોડ થી વધુ થવા જઈ રહયો છે તેમજ વાર્ષિક રૂા.૨.૫ કરોડ, ૫ કરોડ, ૮ કરોડ જેટલો નેટ નફો થતો હતો તેની જગ્યાએ તેનાથી આઠ ગણો નફો એટલે કે રૂા. ૭૬.૧૦ કરોડ જેટલો અંદાજિત નેટ નફો કરતી સંસ્થા બનવા જઈ રહી છે. સાથે-સાથે ખેડુતોની ઓફીસ વાર માંથી વિદ્યા માં બની ચુકી છે.આત્મા કોઓપરેટીવ અને વ્યવસ્થાપ્ર કોર્પોરેટ કક્ષાનુ કેવુ હોય એ ગુજકોમાસોલમાં સ્પષ્ટ દેખાય છે. કારણ કે, ૨૨ % ડીવીડન્ડ આપતી એકમાત્ર સંસ્થા બનવાનો શ્રેય પણ ભાજપ શાસીત ગુજકોમાસોલને જાય છે. સરકાર દ્વારા ડીવીડન્ડની મહતમ મર્યાદા ૨૦ % નિયત થતા ગુજકોમાસોલ પણ હાલમાં ૨૦



% ડીવીડન્ડ ચુકવે છે. જે અગાઉ ૨૨% ચુકાવેલ (સમગ્ર દેશમાં સૌથી વધુ). ગુજકોમાસોલ દ્વારા કરવામાં આવેલ પ્રગતિઓ અને સિધ્ધિઓ ઉડી ને આંખે વળગે તેવી છે. જેમકે, ખાતરના વેચાણમાં ઉતરોતર વધારો થતો રહયો છે. ૨૦૧૭માં રૂા. ૧૫૮૪ કરોડના ખાતરની સામે ચાલુ વર્ષે રૂા. ૧૯૩૭ કરોડના ખાતરો ગુજરાતના છેવાડાના ગામડાઓ સહિતની જગ્યાઓએ વિતરીત કરવામાં આવ્યા છે. રૂા.૨૦-૨૫ કરોડના બિયારણના વેચાણની સામે શુધ્ધ સર્ટીફાઈડ ગુણવતાયુકત બિયારણોનું ટર્નઓવર રૂા. ૧૫૮ કરોડે ૫ હોચ્યુ છે. ટેકાના ભાવોની ખરીદીમાં ગુજકોમાસોલે અત્યંત ઉમદા કામગીરી કરી છે. સને ૨૦૨૪-૨૫ માં ૯.૨૨ લાખ મે.ટન ની મગફળી, રાયડો, ચણા તેમજ તુવેર વગેરે જેવી જણસીઓની ખરીદી આશરે રૂા.૭૪૦૦ કરોડની ગુજકોમાસોલે સરકારશ્રી દ્વારા નિયત કરેલા જુદા-જુદા સેન્ટરો ઉપરથી પુરી પારદર્શકતા અને ખેડુતોનો વિશ્વાસ મજબુત થાય તે રીતે કરી છે.

### "સહકાર થી સમૃદ્ધિ" સંકલ્પ સાકાર કરવા માટે ગુજકોમાસોલ પ્રતિબદ્ધ છે : દિલીપ સંઘાણી



### પ્રથમ વર્ષે થયેલ રૂા.૨.૧૯ કરોડના ટર્નઓવરથી લઈને ચાલુ વર્ષે રૂા.૪૯.૭૦ કરોડનું ટર્નઓવર વિભાગમાં થયેલ

ખાતર, દવા, બિયારણની કામગીરીને વધુ ને વધુ અસરકારક કરવાની સાથે સાથે વૈવિધ્યકરણ અને મુલ્યવર્ધનની દિશામાં સારી કામગીરી થઈ શકે અને "સહકાર થી સમૃધ્ધિ" નું સુત્ર ખરા અર્થમાં ચરિતાર્થ થઈ શકે તે માટે ડાયવર્ગીફીકેશન અને વેલ્યુએડીશન નામનો નવો વિભાગ છેલ્લા ચાર વર્ષથી કામગીરી કરી રહયો છે. પ્રથમ વર્ષે થયેલ રૂા.૨.૧૯ કરોડના ટર્નઓવરથી લઈને ચાલુ વર્ષે રૂા.૪૯.૭૦ કરોડનું ટર્નઓવર આ વિભાગમાં થયેલ છે. જેમાં મુખ્યત્વે ઓર્ગેનિક ચિજવસ્તુઓની સાથે-સાથે સરકારની ઘણી યોજનાઓમાં કામગીરીઓ કરવામાં આવેલ છે.

### આત્મા કો-ઓપરેટીવ અને વ્યવસ્થાપન કોર્પોરેટ કક્ષાનુ કેવુ હોય એ ગુજકોમાસોલમાં સ્પષ્ટ દેખાય છે : દિલીપ સંઘાણી

નવી સહકાર નિતિ અનુસાર સંસ્થાઓને કોમ્પ્યુટરાઈઝ કરવાનું આહવાન કરવામાં આવ્યુ છે, ત્યારે ગુજકોમાસોલના તમામ યુનિટો, તમામ ડેપોને કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યા છે, તથા જિલ્લાના અધિકારીઓને લેપટોપ તથા પ્રિન્ટર સહિતની સુવિધાઓ આપવામાં આવી છે.સંસ્થાની જરૂરીયાત અને પ્રાથમિક્તાઓને ધ્યાને લઈ સંસ્થાની જુદી-જુદી મિલ્કતોને અંદાજિત રૂા.૮૦ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કરીને રિડેવલોપમેન્ટ કરવામાં આવી છે. રાજયમાં ગુજકોમાસોલના કુલ ૧૫૭ ગોડાઉનો છે, જેની સ્ટોરેજ ક્ષમતા ૨.૧૦ લાખ મે. ટન છે.

### ખેડૂતોને પાક પછીની મૂલ્યવર્ધન સુવિધા પૂરી પાડવી, સહકારી મંડળીઓ, તથા એફપીઓ, પીએસીએસ ખેડૂતો પાસેથી સીધી ખરીદી

ખેડૂતોને પાક પછીની મૂલ્યવર્ધન સુવિધા પૂરી પાડવી, સહકારી મંડળીઓ, તથા એફપીઓ, પીએસીએસ ખેડૂતો પાસેથી સીધી ખરીદી. છે. આધારિત કૃષિ સલાહકાર સેવા દ્વારા પાકની ગુણવત્તા અને ઉપજ સુધારવી, પેકહાઉસ અને કોલ્ડ ચેઈન દ્વારા આંતરરાષ્ટ્રીય ધોરણની સ્ટોરેજ અને નિકાસ સુવિધા પૂરી પાડવાનો છે. તદુપરાંત ભવિષ્યમાં વેક્યૂમ ફ્રીઝ ડ્રાઈંગ અને મસાલા પ્રોસેસિંગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેમજ ફળ અને શાકભાજીનું સોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકિંગ યુનિટ, ફોઝન ફળ અને શાકભાજી પ્રોસેસિંગ યુનિટ, ફ્રોઝન સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ સુવિધા, ટ્રોપિકલ ફળ-શાકભાજી પેકિંગ લાઇન, કલાસ છ એક્સપોર્ટ ફેસિલિટી વેરહાઉસ વી. બાબતે ખેડૂતોને મદદરૂપ સાબિત થશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ ના "સહકાર થી સમૃદ્ધિ" સંકલ્પ ને સાકાર કરવા માટે ગુજકોમાસોલ પ્રતિબદ્ધ છે.

---

#### ચેમ્બર ઓફ કોમર્સ અને પૂજા નારી શક્તિ ફાઉન્ડેશન દ્વારા આયોજન કરવામાં આવશે

## ગાંધીધામમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનાર યોજાશે

### હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડો. સ્વપ્રિલ શાહ અને જાણીતા સ્પીકર જય વસાવડા લોકોને જાણકારી આપશે

। પ્રતિનિધિ, ગાંધીધામ, તા.૨૯ ।

હાલ ખાસ કરીને યુવાઓમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ઉપરાંત કચ્છમાં હાર્ટની બીમારીના કિસ્સા વધ્યા છે ત્યારે ગાંધીધામમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ગુજરાતના હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડો. સ્વપ્રિલ શાહ અને જાણીતા સ્પીકર જય વસાવડા ઉપસ્થિત રહેશે.કચ્છ જિલ્લામાં પ્રથમ વખત ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજીત અને પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનના સહયોગથી હૃદય રોગ અંગે જાગૃતિ ફેલાવવા દિલની વાતો નામથી સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેમિનારમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના





ડરથી બચો વિષય ઉપર ગુજરાતના જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ અને હાર્ટના ૫૦૦૦ જેટલા દર્દીઓનું નિદાન કરનાર ડૉ. સ્વપ્રિલ શાહ તબીબી ભાષામાં લોકોને વિગતવાર સમજણ પૂરી પાડશે. ઉપરાંત દેશ વિદેશમાં નામના મેળવનાર લેખક અને મોટીવેશનલ સ્પીકર જય વસાવડા પોતાની આગવી શૈલીમાં લોકોને જીવનમાં હળવાફૂલ બનીને રહેવા માટે અંગે સ્પીચ આપશે. ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ ખાતે આગામી ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે આ કાર્યક્રમ યોજાશે. આ સેમિનારના ફ્રી પાસ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનની આદિપુર ઓફિસ ખાતેથી મળી શકશે. વધુ માહિતી માટે પૂજા પરિયાની મો. ૯૭૨૫૬ ૬૩૪૧૧ ઉપર સંપર્ક કરી શકો છો.

---

#### એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સ ઇન્ડિયા તેના નવા પ્લેટફોર્મ સાથે

## અમદાવાદમાં ફર્ટિલિટી કેર માટે ટ્રાન્સફોર્મેટિવ ટેક્નોલોજી અને સર્વગ્રાહી સ્વાસ્થ્ય કાર્યક્રમો લાવ્યું

### પ્લેટફોર્મ ડિજિટલ અને વ્યક્તિગત સેવાઓનું મિશ્રણ છે જે ભાવિ માતાપિતાને દરેક પગલા પર મદદ કરવા માટે રચાયેલ છે । નવીન અને મફત "ફિજીટલ" અનુભવોના પેકેજના લોન્ચની જાહેરાત કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, ૨૯ ।

ભારતના અગ્રણી આઈવીએફ અને પ્રજનનક્ષમતા સારવાર પ્રદાતા, એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સ ઈન્ડિયાએ આજે તેની નવી વેબસાઈટ સાથે નવીન અને મફત "ફિજીટલ" અનુભવોના પેકેજના લોન્ચની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ ડિજિટલ અને વ્યક્તિગત સેવાઓનું મિશ્રણ છે જે ભાવિ માતાપિતાને દરેક પગલા પર મદદ કરવા માટે રચાયેલ છે. આ પ્લેટફોર્મ દેશમાં ફર્ટિલિટી કેરમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે. ક્લિનિક હવે દર શનિવારે પસંદ કરેલા યુગલો માટે મફત પ્રયોગશાળા મુલાકાતો યોજશે, જ્યાં તેઓ અત્યાધુનિક ટેકનોલોજી અને સલામત પ્રક્રિયાઓને પ્રત્યક્ષ જોઈ શકશે, જે તેમના ભાવિ ગર્ભનું રક્ષણ કરે છે. આ શૈક્ષણિક પ્રવાસોનો હેતુ આરઆઈ વિટનેસ ટેકનોલોજીને સમજાવવાનો છે, જે ગર્ભ ઓળખ અને ટ્રેકિંગમાં પારદર્શિતા

ART FERTILITY CLINICS Science Assisting Nature

અને વિશ્વાસ સુનિશ્ચિત કરે છે. આ પ્રક્રિયાથી આઈવીએફ વિશેની ગેરસમજો દૂર થશે અને યુગલોનો આત્મવિશ્વાસ વધશે. ઈંડા સંગ્રહથી લઈને સ્થાનાંતરણ અને ગર્ભ પુનઃપ્રાપ્તિ સુધીના દરેક પગલા પર જોવા મળતી ચોકસાઈ, સલામતી અને સ્વચ્છતા ક્લિનિકની તબીબી કુશળતા અને સર્વાંગી સંભાળ અભિગમનો પુરાવો છે. આ જ કારણ છે કે એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સ ભારતમાં સતત સૌથી વધુ જીવંત જન્મ દર નોંધાવે છે.પેશન્ટ એક્સપિરિયન્સના લોન્ચ પર એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સ ઈન્ડિયાના રિઝનલ હેડ ગુરસિમરન કૌરે જણાવ્યું હતું કે, "તેની સ્થાપનાથી જ, એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સ ઈન્ડિયાએ દર્દી-પ્રથમ અભિગમ અપનાવ્યો છે. તે અમારા મિશનને પણ પ્રતિબિંબિત કરે છે – જે વિશ્વભરની ઉચ્ચ-સ્તરીય ફર્ટિલિટી કેરને ભારતમાં દરેક માટે સુલભ અને સરળ બનાવવાની દિશામાં કામ કરે છે. અમારી નવી વેબસાઈટ એ દિશામાં બીજું એક મહત્વપૂર્ણ પગલું છે. માતાપિતા બનવાનો નિર્ણય ઘણીવાર જટિલ અને પડકારજનક હોય છે. અમારું લક્ષ્ય તેને સરળ, સસ્તું અને સુલભ બનાવવાનું છે. અમે ફક્ત તબીબી સેવાઓ જ નહીં, પણ શિક્ષણ, ટેકનોલોજી અને સંપૂર્ણ સહાયક ઈકોસિસ્ટમ પણ પૂરી પાડી રહ્યા છીએ. અમારો ઉદ્દેશ્ય અજ્ઞાનતાને દૂર કરવાનો અને દરેક પગલા પર ભાવિ માતાપિતાનો હાથ પકડવાનો છે જેથી તેઓ વિશ્વાસપૂર્વક તેમની પ્રજનન સંભાળ પસંદ કરી શકે."

---

#### આમ આદમી પાર્ટીમાંથી મોટી વિકેટ પડી

## અમદાવાદ શહેરના દિગ્ગજ નેતા ચેતન રાવલે રાજીનામું આપ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।

આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાએ પાર્ટીથી છેડો ફાડ્યો છે. આપના નેશનલ જોઈન્ટ સેક્રેટરી ચેતન રાવલે પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. અંગત કારણોસર રાજીનામાનો પત્ર ઈશુદાન ગઢવીને મોકલી આપ્યો છે. ચેતન રાવલ ગોવા આપના પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી રહ્યાં છે. તેઓએ અંગત કારણોસર રાજીનામુ આપવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે. બીજી ચર્ચા એ પણ છે કે, ચેતન રાવલ આગામી દિવસોમાં કોંગ્રેસમાં ઘરવાપસી કરશે. અગાઉ તેઓ કોંગ્રેસમાંથી રાજીનામું આપી આપમાં જોડાયા હતા. ચેતન રાવલ અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.

ત્યારે કોંગ્રેસમાં વાપસી કરવાના છે. તેઓ પોતાના સમર્થકો સાથે પક્ષપલટો કરશે. આમ, હાલ ચાલી રહેલા પક્ષપલટાના મોસમનો લાભ તેઓ લઈ શકે છે. ચેતન રાવલ ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી સ્વ. પ્રબોધ રાવલના પુત્ર છે. ચેતન રાવલ અમદાવાદની બે બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે.






---

#### ઉજવણીમાં મુખ્યમંત્રી, વન મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે ૨૪માં સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ખેડાના ગળતેશ્વર ખાતે '૭૬મો વન મહોત્સવ' યોજાશે

### મહીસાગર નદી કિનારે નિર્માણધીન વનમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓના વાવેતર થકી આ કોતર વિસ્તારમાં બાયોડાયવર્સિટીને વધુ સમૃદ્ધ કરાશે.

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૯ ।

રાજ્યકક્ષાની આ ઉજવણીમાં મુખ્યમંત્રી, વન મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે ૨૪માં સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાશે, પાંચ હેક્ટર વિસ્તારમાં વિવિધ થીમ આધારિત આકાર પામનાર આ વન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર, મહીસાગર નદી કિનારે નિર્માણધીન વનમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓના વાવેતર થકી આ કોતર વિસ્તારમાં બાયોડાયવર્સિટીને વધુ સમૃદ્ધ કરાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાનને વધુ સફળ બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ અભિયાનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ્ હસ્તે તેમજ વન – પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય કક્ષાના વન – પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલની ખાસ ઉપસ્થિતિમાં ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સરનાલ ગામમાં આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે રાજ્યકક્ષાના '૭૬માં વન મહોત્સવ'ની આવતીકાલ તા. ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભવ્ય ઉજવણી કરાશે. ખેડા જિલ્લાને વન વિભાગ દ્વારા સાંસ્કૃતિક વન તરીકે "ગળતેશ્વર વન"ની અનોખી ભેટ મળવા જઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી



સહિત મહાનુભાવોના હસ્તે આ પ્રસંગે પાંચ હેક્ટર વિસ્તારમાં આકાર પામેલ ૨૪માં સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નો સવારે ૧૦ કલાકે લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. વધુમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ લાભ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવશે. મહીસાગર નદી કિનારે નિર્માણધીન આ વનમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓના વાવેતર થકી આ કોતર વિસ્તારમાં બાયોડાયવર્સિટીને સમૃદ્ધ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમ, વન અને પર્યાવરણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

મધ્ય ગુજરાતમાં તૈયાર થયેલા રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક "ગળતેશ્વર વન"માં નવા અભિગમ સાથે આ વનમાં આકર્ષક મુખ્ય દ્વાર, પ્રવેશ પરિસર, બિલિપત્ર વન, શિવલિંગ વન, શિવમૂર્તિ, ગઝેબો, બટરફલાય ગાર્ડન, બાળ ક્રિડાંગણ, માતૃવન, ચરોતર વિસ્તારના મહાનુભાવોને આવરી લેતું ચરોતર સંકુલ, ગળતેશ્વર ડાયરોમા, વોચ ટાવર, દુર્લભ પ્રજાતિના રોપાનું વાવેતર ધરાવતું નંદી વન, બામ્બુ મિસ્ટ ટનલ, પ્રાકૃતિક શિક્ષણ સ્થળ, મેઝ ગાર્ડન, ચેકડેમ, સારસ પંખી સ્કલ્પચર, આરોગ્ય વન, ચરક વન-પ્રતિમા, પીપળ, બેલ, આંબળા, વટ અને અશોક એમ પાંચ વૃક્ષ ધરાવતું પંચવટી વન, ગ્રહમાર્ગ કે સૂર્યમાર્ગ પર સ્થિત આવા એક કે તેથી વધુ તારાઓના ચોક્કસ અંતરે આવેલા જૂથોને ૨૭ ભાગમાં વિભાજીત કરીને "નક્ષત્રો" તરીકે નામ આપી ઓળખવામાં આવી છે તેવું નક્ષત્ર વન, પૌરાણિક શાસ્ત્રોમાં સમગ્ર નભોમંડળને ૧૨ રાશિઓમાં વિભાજીત કરવામાં આવી છે.







**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya